ॐ

દ્રવ્ય સ્વભાવ

પર્યાય સ્વભાવ

द्रव्य स्वभाव

पर्याय स्वभाव

શ્રી સદ્ગુરુદેવાય નમઃ
श्री सद्गुरुदेवाय नमः

# દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ
# द्रव्य स्वभाव पर्याय स्वभाव

નયપક્ષથી અતિક્રાન્ત ભાખ્યો તે સમયનો સાર છે
नयपक्ष से अतिक्रांत भाषित वह समय का सार है

અધ્યાત્મરસિક, શુદ્ધાત્મવેદી, સ્વભાવગ્રાહી
પૂજ્ય શ્રી લાલચંદભાઈશ્રીની
દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવને
દર્શાવતી અતિઅપૂર્વ પરમહિતકારી તત્ત્વચર્ચા

अध्यात्मरसिक, शुद्धात्मवेदी, स्वभावग्राही
पूज्य श्री लालचंदभाईश्री की
द्रव्य स्वभाव और पर्याय स्वभाव को
दर्शाती हुई अतिअपूर्व परम हितकारी तत्त्वचर्चा

દ્વિતીય આવૃત્તિના પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન:

શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ
'સ્વીટ હોમ', જાગનાથ પ્લોટ,
શેરી નં-૬, જીમખાના રોડ,
રાજકોટ - ૩૬૦ ००१. (સૌરાષ્ટ્ર)
(ટ્રસ્ટ, ૯૪૨૯૦ ૮૮૮૭૯)
(સમકિત મોદી, ૯૮૨૫૫ ૮૨૫૪૯)

द्वितीय संस्करण का प्रकाशक और प्राप्तिस्थान:

श्री कुंदकुंद कहानामृत प्रभावना मंदिर ट्रस्ट
'स्वीट होम', जागनाथ प्लॉट,
शेरी न-६, जिमखाना रोड,
राजकोट – ३६० ००१ (सौराष्ट्र)
(ट्रस्ट, ९४२९० ८८८७९)
(समकित मोदी, ९८२५५ ८२५४९)

| | | |
|---|---|---|
| વીર સંવત ૨૫૪૯ | વિક્રમ સંવત ૨૦૭૯ | ઈ.સ. ૨૦૨૩ |
| वीर संवत २५४९ | विक्रम संवत २०७९ | ई. स. २०२३ |

**-: પ્રકાશન :-**
પૂ. “ભાઈશ્રી” લાલચંદભાઈ મોદીના
૧૧૪ મી જન્મદિન પ્રસંગે
તા. ૨૯-૫-૨૦૨૩, સોમવાર, જેઠ સુદ-૯

**-: प्रकाशन :-**
पूज्य 'भाईश्री' लालचंदभाई मोदी के
११४ वी जन्मदिन प्रसंग पर
ता। २९-५-२०२३, सोमवार, ज्येष्ठ सूद-९

પડતર કિંમત ૧૨૦ રૂપીયા (અંદાજીત)

मूल कीमत १२० रुपये (अनुमानित)

દ્વિતીય આવૃતિ - ૫૦૦
મૂલ્ય - સ્વાધ્યાય

द्वितीय संस्करण - ५००
मूल्य - स्वाध्याय

| **પ્રવચનોની ઉપલબ્ધિ - प्रवचनों की उपलब्धि** | |
|---|---|
| ઓડિઓ, વિડિયો, લિખિત તથા સબટાઇટલ્સ<br>औडियो, विडिओ, लिखित और सबटाईटल्स | AtmaDharma.com & AtmaDharma.org |
| વિડિયો તથા સબટાઇટલ્સ<br>विडिओ और सबटाईटल्स | YouTube.com/LalchandbhaiModi |
| Telegram: જાહેરાતો घोषणाए | t.me/Lalchandbhai |
| WhatsApp: જાહેરાતો घोषणाए | https://chat.whatsapp.com/Dkjf4AJ5vew8sE1VNm2amO |
| Telegram: જાહેરાતો અને તત્ત્વ ચર્ચા<br>Telegram: घोषणाए और तत्त्व चर्चा | t.me/DhyeyPurvakGyey |

**ક્રમબદ્ધ પર્યાયમાં મહા રહસ્ય છે. કેમ કે તેમાં જૈનદર્શનનું રહસ્ય છે.**
**કેમ કે જૈનદર્શન અકર્તાવાદી છે અને એમાં અકર્તાની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે.**
**क्रमबद्ध पर्याय मे महा रहस्य है। क्योंकि उसमें जैनदर्शन का रहस्य है।**
**क्योंकि जैनदर्शन अकर्तावादी है और उसमें अकर्ता की पराकाष्ठा का स्वरूप है।**



**પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી - पूज्य गुरुदेव श्री कानजीस्वामी**

**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે તેમ દર્શાવનાર,**
**તેમ જ પરિણામોનો કર્તા પરિણામ છે તેવી કર્તાકર્મની પરાકાષ્ઠા પ્રકાશનાર.**
**(અધ્યાત્મ યુગ પ્રવર્તક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી)**
**आत्मा अकर्ता है यह जैनदर्शन की पराकाष्ठा है ऐसा दर्शानेवाले, तथा**
**परिणाम का कर्ता परिणाम है ऐसी कर्ताकर्म की पराकाष्ठा प्रकाशित करनेवाले।**
**(अध्यात्म युग प्रवर्तक पूज्य गुरुदेव श्री कानजीस्वामी)**

# પ્રકાશકીય નિવેદન
## (પ્રથમ આવૃત્તિ)

પરમ દેવાધિદેવ જિનેશ્વરદેવશ્રી વર્ધમાનસ્વામી, ગણધરદેવશ્રી ગૌતમસ્વામી તથા આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદદેવાદિને અત્યંત ભક્તિ સહિત નમસ્કાર.

આ કાળે કે જ્યારે મોક્ષમાર્ગ પ્રાયે લુપ્ત થયો હતો તેવા કાળમાં આપણા મહાભાગ્યે જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી ક્રાંતિકારી યુગપુરુષ આત્મજ્ઞસંત પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઉદયથી આપણે સૌ જૈનધર્મના માર્ગાનુસારી બન્યા. આપણને નવું જીવન આપનાર પૂજ્ય ગુરુદેવશ્રીને પણ અત્યંત ભક્તિભાવે નમસ્કાર.

જૈનદર્શન બહુ વિશાળ છે. નય દ્વારા પ્રતિપાદન કરી આત્મસ્વરૂપ સમજાવવાની શૈલી પરમાગમમાં આવે છે જેનાથી આત્મસ્વરૂપનું અનુમાન થઈ શકે છે પણ અનુભવ થઈ શકતો નથી. નયથી સ્વરૂપનો વિચાર કરી ઘણાં તો તેમાં જ સંતુષ્ટ થઈ જાય છે. વળી ઘણાં ખરાને તે નયના વિકલ્પથી છૂટી અનુભવ કેમ થાય તે માર્ગ સુજતો નથી. તેનું માર્ગદર્શન આપતું એટલે કે સ્વભાવને સ્વભાવથી જ સમજવાનો પરમાર્થ દૃષ્ટિકોણ અધ્યાત્મરસિક, શુદ્ધાત્મવેદી પૂજ્ય શ્રી લાલચંદભાઈએ આપ્યો છે.

જેમ પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની રાજકોટ શહેર ઉપર અમીદૃષ્ટિ હતી તેમ પૂજ્ય ભાઈશ્રીની અમારા મુમુક્ષુ મંડળ ઉપર અમીદૃષ્ટિ છે. તેઓશ્રી અમારા દરેક આમંત્રણને માન આપીને અહીં પધારે છે. આ વખતે પર્યુષણપર્વમાં તેઓશ્રી પધાર્યા હતા અને એક માસ સુધી અધ્યાત્મની ધોધ વર્ષા કરી હતી. જેમાં દ્રવ્ય સ્વભાવને તથા પર્યાય સ્વભાવને કોઈ નયથી નહિ પણ સ્વભાવથી જોવાની વાત કરી, જે અમારા મંડળના સૌ મુમુક્ષુઓને જૂના કાને નવી લાગી.

આ વિષયની વિસ્તૃત ચર્ચા પૂ. ભાઈશ્રીએ મુંબઈ શ્રી શાંતિભાઈ ઝવેરીને ત્યાં કરી હતી તેવું જાણવા મળતાં આ ચર્ચા પુસ્તકાકારે સૌના હાથમાં આવે તો સૌ કોઈ તેનો લાભ લઈ શકે. અને આજે આ પુસ્તકાકારે સમાજમાં મૂકતાં મંડળ

ધન્યતા અનુભવે છે.

આ પુસ્તકનો બધો ખર્ચ શ્રી શાંતિભાઈ ઝવેરી, મુંબઈ તરફથી મળેલ છે. તે અંગે તેમનો પણ મંડળ આભાર માને છે.

પુસ્તકનું સુંદર પ્રિન્ટીંગ કરી આપવા બદલ શ્રી યોગેશભાઈ, ગુજરાત ઓફસેટનો પણ આભાર માનીએ છીએ.

આપ સૌ આ ચર્ચાનો સ્વાધ્યાય કરો અને... હું તો સ્વભાવથી જ જ્ઞાયક છું, સ્વભાવથી જ જાણનાર છું... હું તો જાણનાર છું એવો અભેદ અનુભવ સૌને થાય એ જ ભાવના.

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ,<br>
મહાવીરનગર, હિંમતનગર.<br>
પ્રમુખ-તારાચંદ પોપટલાલ કોટડિયા.<br>
સેક્રેટરી-મહેન્દ્રકુમાર પુંજાલાલ મહેતા.

## શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

અધ્યાત્મયુગસૃષ્ટા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ સ્વાનુભવમયી મોક્ષમાર્ગને પોતાની સાતિશય દિવ્યવાણી દ્વારા પ્રકાશિત કરીને અમ મુમુક્ષુઓ ઉપર અનંતો ઉપકાર કર્યો છે. અને આવા પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવમયી વીતરાગ માર્ગને પોતાની અંદર આત્મસાત્ કરીને પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનને સુરક્ષિત રાખી દિપાવનાર, પૂજ્ય ગુરુદેવશ્રીના વારસદાર સુપુત્ર પૂજ્ય શ્રી લાલચંદભાઈ છે. ઘણાં મુમુક્ષઓ પાસેથી સંભળાય છે કે 'આજે પૂજ્ય ગુરુદેવશ્રી પૂજ્ય લાલચંદભાઈના રૂપમાં સુરક્ષિત છે... જયવંત છે'.

અમારા મહાન મહાન ભાગ્યથી એવા પૂજ્ય લાલચંદભાઈની અમારા કુટુંબ ઉપર અપાર કરૂણા છે. તેથી તેઓશ્રી કૃપા કરીને દેવલાલી પંચકલ્યાણક પછી મુંબઈ અમારા આંગણે પધાર્યા હતા. ત્યારે ૩૧ ડિસેમ્બરની પ્રાત: જાગરણની મંગલવેળામાં પૂજ્યશ્રીના ચંદ્રમુખમાંથી અમૃત... અમૃત... અમૃત ઝરી ઊઠયું કે જે અમૃતમયી તત્ત્વચર્ચાથી અમારા અંતરના કપાટ ખૂલી ગયા.

આહા... નયપક્ષથી અતિક્રાંત થવાની કોઈ અદ્‌ભુતથી અદ્‌ભુત અજોડ વિધી દર્શાવી. જેમાં દ્રવ્યને સ્વભાવથી જુઓ, કોઈ નયથી નહિ અને પર્યાયને પણ સ્વભાવથી જુઓ, કોઈ નયથી નહિ... એવી કોઈ અતિ ગૂઢ અને અપૂર્વ, કોઈ દિવસ નહિ સાંભળેલી, નહિ વિચારેલી વાત આવી. અમને આ ચર્ચાથી એમ થયું કે હવે અમને બધું નિધાન અને નિધાનની ચાવી, બધું મળી ગયું છે. અપાર હર્ષથી હર્ષાયેલાં આ હૃદયમાં સહજ આવો ભાવ પણ આવ્યો કે આ ચર્ચા અમારે છપાવવી છે, જેથી બીજા બધા મુમુક્ષુઓ પણ લાભાન્વિત થઈ શકે.

પૂજ્ય ભાઈશ્રીની આજ્ઞા લઈને આ છપાવી અમે અપાર આનંદને અનુભવીએ છીએ.

આપ સ્વયં વાંચો... વાંચીને વિચારો... આપને પણ વાંચીને બહુજ ગમશે અને નિશ્ચિત આત્મલાભ થશે. એવી ભાવના સાથે...

પૂજ્ય ભાઈશ્રીને વારંવાર નત્‌ મસ્તક થઈ પ્રણામ કરતા...

આપના ચિરઋણી,

| | | |
|---|---|---|
| શાંતાબેન | શાંતિભાઈ ઝવેરી | ચીમનલાલ |
| સંગીતાબેન | ભરતભાઈ | |
| તરલાબેન | પંકજભાઈ | |
| મયુરીબેન | પ્રદિપભાઈ | |

# प्रकाशकीय निवेदन
## (प्रथम संस्करण)

परम देवाधिदेव जिनेश्वरदेवश्री वर्धमान स्वामी, गणधरदेवश्री गौतमस्वामी तथा आचार्य भगवान श्री कुंदकुंददेवादि को अत्यंत भक्ति सहित नमस्कार। इस काल में कि जब मोक्षमार्ग प्रायः लुप्त हो गया था ऐसे काल में हमारे महाभाग्य से जैनशासन के नभोमंडल में एक महाप्रतापी क्रांतिकारी युगपुरुष आत्मज्ञ संत परमपूज्य गुरुदेवश्री कानजी स्वामी के उदय से हम सभी जैनधर्म के मार्गानुसारी बने। हमें नया जीवन देनेवाले पूज्य गुरुदेवश्री को भी अत्यंत भक्तिभाव से नमस्कार।

जैनदर्शन बहुत विशाल है। नय द्वारा प्रतिपादन करके आत्मस्वरूप समझाने की शैली परमागम में आती है जिससे आत्मस्वरूप का अनुमान हो सकता है परंतु अनुभव नहीं हो सकता। नय से स्वरूप का विचार करके बहुत से तो उसमें ही संतुष्ट हो जाते हैं। बहुत लोगों को उन नय के विकल्प से छूटकर अनुभव कैसे होवे वह मार्ग सूझता नहीं है। उसका मार्गदर्शन देता हुआ अर्थात् कि स्वभाव को स्वभाव से ही समझने का परमार्थ दृष्टिकोण अध्यात्मरसिक, शुद्धात्मवेदी पूज्य श्री लालचंदभाई ने दिया है।

जिसप्रकार परम उपकारी पूज्य गुरुदेवश्री की राजकोट शहर के ऊपर अमी दृष्टि थी वैसे ही पूज्य भाईश्री की हमारे मुमुक्षु मंडल के ऊपर अमी दृष्टि है। वे हमारे प्रत्येक आमंत्रण को मान देकर यहाँ पधारते हैं। इस बार पर्युषणपर्व में वे पधारे थे और एक माह तक अध्यात्म की मूसलधार वर्षा की थी। जिसमें द्रव्य स्वभाव को तथा पर्याय स्वभाव को किसी नय से नहीं परंतु स्वभाव से देखने की बात की, जो हमारे मंडल के सभी मुमुक्षुओं के पुराने कानों को नयी लगी।

इस विषय की विस्तृत चर्चा पू. भाईश्री ने मुंबई श्री शांतिभाई झवेरी के यहाँ की थी ऐसी जानकारी मिलने पर यह चर्चा पुस्तकाकार में सभी के हाथों में आये तो

सभी इसका लाभ ले सकें। और आज इसे पुस्तकाकार में समाज में रखते हुए मंडल धन्यता अनुभव करता है।

इस पुस्तक का सारा खर्च श्री शांतिभाई झवेरी, मुंबई की तरफ से मिला है। उसके लिए मंडल उनका भी आभार मानता है। पुस्तक का सुंदर प्रिंटिंग करके देने के लिए श्री योगेशभाई, गुजरात ऑफसेट का भी आभार मानते हैं।

आप सभी इस चर्चा का स्वाध्याय करो और... मैं तो स्वभाव से ही ज्ञायक हूँ, स्वभाव से ही जाननहार हूँ... मैं तो जाननहार हूँ ऐसा अभेद अनुभव सभी को होवे यह ही भावना।

श्री दिगंबर जैन मुमुक्षु मंडल, महावीरनगर, हिम्मतनगर। प्रमुख-ताराचंद पोपटलाल कोटडिया। सेक्रेटरी-महेंद्रकुमार पुंजालाल महेता।

**श्री सद्गुरुदेवाय नमः**

अध्यात्मयुगसृष्टा परम पूज्य गुरुदेवश्री कानजीस्वामी ने स्वानुभवमयी मोक्षमार्ग को अपनी सातिशय दिव्यवाणी के द्वारा प्रकाशित करके हम मुमुक्षुओं पर अनंत उपकार किया है। और ऐसे पूज्य गुरुदेवश्री के स्वानुभवमयी वीतराग मार्ग को अपने अंदर आत्मसात् करके पूज्य गुरुदेवश्री के शासन को सुरक्षित रखकर दैदीप्यमान करनेवाले, पूज्य गुरुदेवश्री के वारिस सुपुत्र पूज्य श्री लालचंदभाई हैं। अनेकों मुमुक्षुओं के पास से सुनने में आता है कि 'आज पूज्य गुरुदेवश्री पूज्य लालचंदभाई के रूप में सुरक्षित हैं... जयवंत हैं'।

हमारे महान महान भाग्य से ऐसे पूज्य लालचंदभाई की हमारे कुटुंब के ऊपर अपार करुणा है। इसलिये वे कृपा करके देवलाली पंचकल्याणक के बाद मुंबई हमारे आँगन में पधारे थे। तब ३१ दिसम्बर की प्रातः जागरण की मंगल बेला में

पूज्यश्री के चंद्रमुख में से अमृत... अमृत... अमृत झर पड़ा कि जिस अमृतमयी तत्त्वचर्चा से हमारे अंतर के कपाट खुल गये।

आहा... नयपक्ष से अतिक्रांत होने की कोई अद्‌भुत से अद्‌भुत अजोड़ विधि दर्शायी। जिसमें द्रव्य को स्वभाव से देखो, किसी नय से नहीं और पर्याय को भी स्वभाव से देखो, किसी नय से नहीं... ऐसी कोई अति गूढ़ और अपूर्व, कभी भी नहीं सुनी हुई, नहीं विचारी हुई बात आयी। हमें इस चर्चा से ऐसा लगा कि अब हमें सारा निधान और निधान की चाबी सबकुछ मिल गया है। अपार हर्ष से हर्षित हुए इस हृदय में सहज ऐसा भाव भी आया कि यह चर्चा हमें छपवानी है, जिससे अन्य सभी मुमुक्षु भी लाभान्वित हो सकें।

पूज्य भाईश्री की आज्ञा लेकर यह छपवाकर हम अपार आनंद का अनुभव करते हैं। आप स्वयं पढ़ो... पढ़कर विचार करो... आपको भी पढ़कर बहुत अच्छा लगेगा और निश्चित आत्मलाभ होगा। ऐसी भावना के साथ...

पूज्य भाईश्री को बारंबार नतमस्तक होकर प्रणाम करते हुए...

आपके चिरऋणी,

| | |
|---|---|
| शांताबहन | शांतिभाई चिमनलाल झवेरी |
| संगीताबहन | भरतभाई |
| तरलाबहन | पंकजभाई |
| मयूरीबहन | प्रदीपभाई |

# પ્રકાશકીય કલમે

## (દ્વિતીય આવૃત્તિ)

અમારા ટ્રસ્ટનું આ ૧૯મું પુસ્તક છે. આ પુસ્તકમાં અજાણતા કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ. ભૂલ મળે તો **atmadharma.com@gmail.com** પર જણાવશો.

આ અપૂર્વ **દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ**ની ચર્ચા ચાલતી હતી ત્યારે અમિતાબેન માણેક (મુંબઈ) હાજર હતા અને તેમણે પૂજ્ય શ્રી લાલચંદભાઈની વાણી લખી લીધી જેથી મુમુક્ષુ સમાજને અપૂર્વ લાભ થયો. સંસ્થા આ કાર્ય બદલ તેમનો આભાર વ્યક્ત કરે છે.

અક્ષરશઃ પ્રવચન લખવાનું, ટાઇપિંગનું (typing) અને પ્રૂફ રીડિંગનું (proof reading) કાર્ય પૂજ્ય શ્રી લાલચંદભાઈ અમરચંદભાઈ મોદી અક્ષરશઃ પ્રવચન ટીમે (team) તૈયાર કરેલ છે. સંસ્થા આ કાર્ય બદલ આખી ટીમનો આભાર વ્યક્ત કરે છે.

એક મુમુક્ષુના હાથમાં '**બે ભૂલ**' પુસ્તક આવતાં, પહેલી વાર વાંચતાં જ ભાવ આવ્યો કે આ જિનવાણી છે! મારે તેમાં તન-મન-ધનથી દાન દેવું છે. તેથી આ પુસ્તકની દાનરાશિ તેમના તરફથી પ્રાપ્ત થઈ છે અને તેમને અક્ષરશઃ પ્રવચન ટીમમાં પણ જોડાવું છે.

આ પુસ્તકનું પ્રિન્ટિંગ તથા બાઈન્ડીંગનું કાર્ય Design Scope વાળા અમરભાઈ પોપટ તથા Sharp Offset Printers વાળા ધર્મેશભાઈ શાહ દ્વારા થયું છે. સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક બે વેબસાઇટ પર ઉપલબ્ધ છે:-

**AtmaDharma.com** અને **AtmaDharma.org**

અંતમાં આ પુસ્તકમાં **દ્રવ્ય સ્વભાવ** અને **પર્યાય સ્વભાવ**નું સ્પષ્ટીકરણ જે પૂજ્ય શ્રી લાલચંદભાઈએ કરેલ છે તેવો સ્વભાવ સર્વ જીવોને પ્રાપ્ત થાય તેવી મંગલ ભાવના.

લી. ટ્રસ્ટી શ્રી

કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ, રાજકોટ

# प्रकाशकीय कलम से

## (द्वितीय संस्करण)

हमारे ट्रस्ट की यह १९वीं पुस्तक है। इस पुस्तक में जाने-अनजाने में कोई क्षति रह गई हो, तो हम क्षमा चाहते हैं। अगर आपको कोई त्रुटि मिलती है, तो **atmadharma.com@gmail.com** पर बताएं।

यह अपूर्व **द्रव्य स्वभाव पर्याय स्वभाव** की चर्चा चल रही थी तब अमिताबेन माणेक (मुंबई) उपस्थित थी और उन्होंने पूज्य श्री लालचंदभाई की वाणी लिख ली थी जिससे मुमुक्षु समाज को अपूर्व लाभ हुआ। संस्था इस कार्य हेतु उनका आभार व्यक्त करती है।

एक मुमुक्षु के हाथ में '**दो भूल**' पुस्तक आने पर, पहली बार पढ़ने पर ही भाव आया कि यह जिनवाणी है! मुझे इसमें तन-मन-धन से दान देना है। अतः इस पुस्तक की दानराशि उन्हीं की तरफ से प्राप्त हुई है और अक्षरशः टीम में भी वे जुड़ना चाहते हैं।

अक्षरशः प्रवचन लिखने का, टायपिंग का और प्रूफ रीडिंग का कार्य पूज्य श्री लालचंदभाई अमरचंदभाई मोदी अक्षरशः प्रवचन टीम ने तैयार किया है। संस्था इस कार्य के लिए पूरी टीम का आभार व्यक्त करती है।

इस पुस्तक की प्रिंटिंग और बाइन्डिंग का कार्य Design Scope वाले अमरभाई पोपट और Sharp Offset Printers वाले धर्मेशभाई शाह द्वारा हुआ है। संस्था उनका भी आभार मानती है।

यह पुस्तक दो वेबसाईट पर उपलब्ध है:-

**AtmaDharma.com** और **AtmaDharma.org**

अंत में इस पुस्तक में **द्रव्य स्वभाव** और **पर्याय स्वभाव** का स्पष्टीकरण जो पूज्य श्री लालचंदभाई ने किया है, ऐसा स्वभाव सभी जीवों को प्राप्त हो, ऐसी मंगल भावना।

ली. ट्रस्टी श्री
कुंदकुंद कहानामृत प्रभावना मंदिर ट्रस्ट, राजकोट

# પ્રકાશનો

## પૂજ્ય ભાઇશ્રીની નિશ્રામાં થયેલા પ્રકાશનો

ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી
દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવ (ગુજરાતી)
ભેદજ્ઞાન ભજનાવલી

## શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો

| | |
|---|---|
| ૧. જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન | ૨. દ્રવ્યસ્વભાવ-પર્યાયસ્વભાવની ચર્ચા |
| ૩. જાણનારો જણાય છે | ૪. આત્મજ્યોતિ |
| ૫. ચૈતન્ય વિલાસ | ૬. શુદ્ધ અંત:તત્ત્વ |
| ૭. મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧ | ૮. જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન |
| ૯. અનેકાંત અમૃત | ૧૦. જ્ઞાનનું જ્ઞાનત્વ |
| ૧૧. પૂજ્ય 'ભાઈશ્રી'ના સિદ્ધાંતોની સરવાણી | ૧૨. બુંદ બુંદમાં અમૃત |
| ૧૩. લંડનના પ્રવચનો ભાગ-૧ | ૧૪. નયચક્ર તત્ત્વચર્ચા |
| ૧૫. આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી ભાગ-૧ | ૧૬. ચિત્સ્વરૂપ જીવ |
| ૧૭. સત્ અહેતુક જ્ઞાન | ૧૮. 'બે ભૂલ' - 'दो भूल' |
| **૧૯. દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ (ગુજરાતી અને હિન્દી)** | **૨૦. દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ - અપૂર્વ સ્પષ્ટીકરણ (ગુજરાતી)** |
| **૨૧. દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ - અપૂર્વ સ્પષ્ટીકરણ (હિન્દી)** | |

# प्रकाशन

## पूज्य भाईश्री की छत्रछाया मे हुए प्रकाश

इंद्रीयज्ञान ज्ञान नहीं है
द्रव्यस्वभाव-पर्यायस्वभाव (गुजराती)
भेदज्ञान भजनावली

## श्री कुंदकुंद कहानामृत स्वाध्याय हॉल के प्रकाशन

| | |
|---|---|
| १. ज्ञान से ज्ञान का भेदज्ञान | २. द्रव्यस्वभाव-पर्यायस्वभाव की चर्चा |
| ३. जाननहार जानने मे आता है | ४. आत्मजयोती |
| ५. चैतन्य विलास | ६. शुद्ध अन्तःतत्त्व |
| ७. मंगल ज्ञानदर्पण भाग-१ | ८. ज्ञायक स्वरूप प्रकाशन |
| ९. अनेकांत अमृत | १०. ज्ञान का ज्ञानत्व |
| ११. पूज्य 'भाईश्री' के सिद्धांतों की सरिता | १२. बूँद बूँद में अमृत |
| १३. लंडन के प्रवचन भाग-१ | १४. नयचक्र तत्त्वचर्चा |
| १५. आध्यात्मिक ज्ञानगोष्ठी भाग-१ | १६. चितस्वरूप जीव |
| १७. सत् अहेतुक ज्ञान | १८. 'બે ભૂલ' - 'दो भूल' |
| **१९. द्रव्य स्वभाव पर्याय स्वभाव (गुजराती और हिन्दी)** | **२०. द्रव्य स्वभाव-पर्याय स्वभाव - अपूर्व स्पष्टीकरण (गुजराती)** |
| **२१. द्रव्य स्वभाव पर्याय स्वभाव - अपूर्व स्पष्टीकरण (हिन्दी)** | |

# અનુક્રમણિકા - अनुक्रमणिका

**પ્રથમ પ્રવેશ દ્વાર**..................................ગુજરાતી ૧-૧૧

**प्रथम प्रवेश द्वार**.........................................हिन्दी १-११

**દ્રવ્ય સ્વભાવ પર્યાય સ્વભાવ**...........ગુજરાતી ૧-૨૪

**द्रव्य स्वभाव पर्याय स्वभाव**......................हिन्दी १-२४

# * પ્રથમ પ્રવેશ દ્વાર *

# ૐ

# નમઃ સમયસારાય

અધ્યાત્મ યુગ પ્રવર્તક સ્વાનુભવપ્રેરણામૂર્તિ પરમ ઉપકારી પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ આ કાળમાં તીર્થ (મોક્ષમાર્ગ) સ્થાપ્યું. એ સ્થપાયેલા તીર્થની સુરક્ષા કરનાર, પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત, શુધ્ધાત્મવેદી, સિધ્ધાંત બોધરસિક, સૂક્ષ્મ અધ્યાત્મ રહસ્યોના ઉદ્ઘાટક, સૂક્ષ્માતિસૂક્ષ્મ હઠીલાં શલ્યોના સુપ્રસિધ્ધ ચિકિત્સક, અધ્યાત્મ જગતના સુપ્રસિધ્ધ શિરમૌર પ્રવક્તા પૂજ્યશ્રી લાલચંદભાઈના મુખારવિંદમાંથી ઝરેલાં બે ગૂઢ રહસ્યો...

(૧) દ્રવ્ય સ્વભાવ, (૨) પર્યાય સ્વભાવની

- અતિ અપૂર્વ અદ્‌ભૂત પરમામૃતમય ભેટ આત્માર્થીઓને અર્પતા અતિ હર્ષ થાય છે.

વિશ્વના દરેક પદાર્થની જેમ આત્મવસ્તુ દ્રવ્ય-પર્યાયાત્મક હોવાથી અનેકાંતિક છે. તેને સમજાવવા માટે ભગવાનની તથા તદ્‌અનુસારિણી સંતોની વાણી દ્વિનયાશ્રિત હોય છે. આમ સમજાવવા તથા સમજવા માટે નયોનો પ્રયોગ હોય છે. પરંતુ આત્માનુભવ નયાતિક્રાંત હોવાથી નયો દ્વારા જ વસ્તુને જાણવા અટકતા સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.

રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં નયચક્રના આધારથી પં. શ્રી ટોડરમલજીએ ફરમાવ્યું છે કે તત્ત્વના અવલોકન સમયે શુધ્ધાત્માને યુક્તિથી અર્થાત્ નય, પ્રમાણ વડે પહેલા જાણ; આરાધના સમયે નહિ, કારણ કે અનુભવ પ્રત્યક્ષ છે.

જેવી રીતે અભિમન્યુને ચક્રવ્યૂહમાં પ્રવેશ કરતા આવડતું હતું પરંતુ તેમાંથી બહાર નીકળતાં ન આવડયું તેમ અજ્ઞાની શાસ્ત્રના અવલંબને નયચક્રમાં પ્રવેશે છે પરંતુ તેમાંથી પાર થઈ પક્ષાતિક્રાંત થવાની વિધિથી અજાણ છે.

પ્રસ્તુત ચર્ચામાં પક્ષાતિક્રાંત થવાની ગૂઢ વિધિ સમજાવતા પૂજ્ય ભાઈશ્રીએ ફરમાવ્યું કે દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જુઓ અને પર્યાય સ્વભાવને પણ સ્વાભાવથી જુઓ. કોઈ નયથી ન જુઓ. નયથી જોતાં સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. અજ્ઞાની જીવો શાસ્ત્રનો ઘણો અભ્યાસ કરવા છતાં સ્વભાવની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી વંચિત છે. તેઓ કેવળ નયોના વિકલ્પોમાં રોકાયેલા છે અને નયાતિક્રાંત થવાની કળાથી અજાણ છે.

નય વિકલ્પમાં અટકેલા જીવો નયાતિક્રાંત થઈ આત્માને સાક્ષાત્ અનુભવી શકે એટલા માટે પરમકૃપાળુ ભાઈશ્રીએ આ વિકલ્પાંતકારી નિર્વિકલ્પ થવાની એટલે નયાતીત થઈ પક્ષાતિક્રાંત થવાની રહસ્યાત્મક કળા (વિધિ) દર્શાવેલ છે.

પૂજ્ય ભાઈશ્રીના હૃદયમાં આવેલો આ ઉત્કૃષ્ટ ભાવ, સંતોના આગમમાંથી મળી જાય છે. કેમ કે વસ્તુના સ્વરૂપ માટે અને સ્વરૂપના અનુભવ માટે અનંત જ્ઞાનીઓનો એક જ મત હોય છે.

આ ચર્ચા નયથી પક્ષાતિક્રાંત થઈને પ્રત્યક્ષ અનુભવ કરાવાના હેતુએ થઈ છે. પક્ષાતિક્રાંત થયેલો આત્મા શુધ્ધાત્માની દૃષ્ટિપૂર્વક બે નયોના વિષયને જાણે છે. કોઈ નય દુભાય નહિ અને પક્ષ રહે નહિ અને બે નયોનો જ્ઞાતા થઈ જાય.

નયથી જોતાં ઘણું કરીને ત્રણ દોષ આવે છે.

(૧) નયજ્ઞાન સાપેક્ષ છે. સાપેક્ષમાં, પ્રતિપક્ષ વ્યવહારના પક્ષનો વિકલ્પ ઉત્પન્ન થતા, મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે.

જ્યારે નિરપેક્ષમાં આવતા દૃષ્ટિ તથા જ્ઞાન સમ્યક્ થાય છે, વિકલ્પ છૂટી જાય છે અને બે નયોનો જ્ઞાતા થઈ વીતરાગતા પ્રગટ થાય છે.

(૨) નય વિકલ્પરૂપ છે. વિકલ્પથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. નયપક્ષ આકુળતારૂપ છે. નયજ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન હોવાથી શુધ્ધજ્ઞાન તો નથી, પરંતુ સ્વજ્ઞેય પણ નથી - પરજ્ઞેય છે.

(૩) નય અંશગ્રાહી છે. નય વડે જાણતાં નય અંશગ્રાહી હોવાથી એક ધર્મને જાણે છે, બાકીના ધર્મોને જાણવાનું બાકી રહી જાય છે. એટલે જ્ઞાનને વિષયનો પ્રતિબંધ થાય છે. પ્રતિબંધ થતા તેને જાણવાની ઈચ્છા ઉત્પન્ન થતા આકુળતા થાય છે. નિર્વિકલ્પ અતીન્દ્રિયજ્ઞાન દ્વારા આત્માનો અનુભવ કરતા તે જ્ઞાન સવિકલ્પ હોવાથી અને તેનું સામર્થ્ય સર્વગ્રાહી હોવાથી યુગપદ અક્રમે બધા ધર્મો એકસમયમાં જાણવામાં આવે છે. કાંઈ પણ જાણવાનું બાકી રહેતું નથી એટલે ઈચ્છા ઉત્પન્ન થતી નથી. એટલે નિરાકુળ આનંદનો અનુભવ થાય છે. આ રીતે સ્વભાવની પ્રાપ્તિની રીત, નયોથી જુદી છે.

આ ચર્ચામાં ખાસ વાત આ છે કે નયથી સ્વભાવની પ્રાપ્તિ થતી નથી કેમ કે નય સાપેક્ષ હોય છે. એના આધારરૂપે પંચાધ્યાયી પૂર્વાર્ધ ગાથા-૫૧૫ માં સ્પષ્ટ કહ્યું છે કે, જેમ છેદનક્રિયાનું કારણ એવી ફરસી છેદનક્રિયા કરવામાં સ્વતંત્ર રીતે ચલાવવામાં આવે છે તેવી રીતે નય સ્વતંત્ર રીતે વસ્તુને કોઈ ધર્મથી વિશિષ્ટ સમજતો પણ નથી અને કહેતો પણ નથી.

**ભાવાર્થ:-** ફરસી ચલાવવામાં એ જરૂરી નથી કે તે કાંઈ બીજા હથિયારની અપેક્ષા રાખીને જ છેદનક્રિયા કરે, પરંતુ નયનો પ્રયોગ સ્વતંત્ર થઈ શકતો નથી. કોઈ વિશેષ અપેક્ષા વિના નય પ્રયોગ થઈ શકતો નથી. નય પ્રયોગમાં વિશેષ અપેક્ષા અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા આવશ્યક છે. તેથી છેદનક્રિયામાં ફરસીની જેમ નય સ્વતંત્ર નથી, પરંતુ વિવિક્ષા અને પ્રતિપક્ષ નયથી તે પરતંત્ર છે. જે નય અપેક્ષા વિના અને પ્રતિપક્ષ નયની સાપેક્ષતા વિના પ્રયુક્ત થાય છે તેને નય જ કહેવો ન જોઈએ અથવા મિથ્યાનય કહેવો જોઈએ. નય સાપેક્ષ જ હોય. નય નિરપેક્ષ ન હોય. અને સ્વભાવ નિરપેક્ષ જ હોય, સાપેક્ષ હોય નહિ. એટલે સાપેક્ષ નયથી નિરપેક્ષ સ્વભાવની પ્રાપ્તિ થતી નથી.

આ રીતે નય સાપેક્ષ જ હોય કેમ કે 'નિરપેક્ષ નયા મિથ્યા' એવું શાસ્ત્રનું વચન છે. માટે નિશ્ચયનયથી હું અકર્તા છું -એમ એક નયનો જ પક્ષ કરે તો એ તો મિથ્યા એકાંત થઈ ગયું. માટે, 'સાપેક્ષ નયા સમ્યક્' હોવાથી, નિશ્ચયથી અકર્તા છું તો વ્યવહારે કર્તા છું - એમ લેવામાં નય જ્ઞાન તો સમ્યક્ થઈ ગયું પરંતુ સાપેક્ષતામાં આવવાને કારણે અર્થાત્ નયજ્ઞાનમાં આવવાના કારણે, નિરપેક્ષ સ્વભાવથી દૂર થઈ ગયો. નયજ્ઞાનથી સ્વભાવની પ્રાપ્તિ નથી થતી - કેમ કે સ્વભાવ, સ્વભાવથી જ નિરપેક્ષ છે. નયને સમ્યક્ કરવા ગયો, તો સ્વભાવથી દૂર થઈ ગયો અને સ્વભાવમાં આવ્યો, તો નયપક્ષ સ્વયં સહજ અસ્ત પામી જાય છે.

નયનું પ્રતિપાદન સરખું કરવા સાપેક્ષથી વાત કરવી જ જોઈએ. નહિ તો એકાંત થઈ જાય. અને સાપેક્ષ કરવા જતાં આત્માનો અનુભવ ન થાય કારણ કે નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ કહેતા, કહ્યા વગર પણ 'વ્યવહારનયથી કર્તા છે' -એમ આવી જાય છે. એટલે આમ સાપેક્ષ સિધ્ધ કરવામાં પણ જીવ નયાતિક્રાંત થતો નથી. કારણ કે

ત્રિકાળી વસ્તુ કે જે શ્રધ્ધાનો વિષય છે તે સાપેક્ષ નથી. તે તો નિરપેક્ષ જ છે.

બે નયોનો વિષય તો જ્ઞાનનું જ્ઞેય છે, શ્રધ્ધાનું શ્રધ્ધેય નથી. એટલે બે નયોના આશ્રયે શ્રધ્ધા પ્રગટ થતી નથી. એટલે બે નયોના પક્ષ છોડી, ત્રિકાળ નિરપેક્ષ સ્વભાવનું અવલંબન લેતાં શ્રધ્ધા સમ્યક્ થાય છે કારણ કે શ્રધ્ધા એકાંતિક જ હોય છે. અને શ્રધ્ધા સમ્યક્ થતા જ્ઞાન સમ્યક્ થાય છે. અને સમ્યગ્જ્ઞાન સ્વભાવથી અનેકાંતિક હોવાથી બે નયોના વિષયને, જેમ છે તેમ, પક્ષપાત રહિત, જાણે છે.

આ રીતે જ્ઞાની બે નયોના જ્ઞાતા છે. પણ અજ્ઞાની બે નયોના વિકલ્પનો કર્તા છે.

માટે અજ્ઞાનીએ પ્રાથમિક પ્રમાણ-નયથી અભ્યાસ કર્યા પછી દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી અને પર્યાય સ્વભાવને સ્વભાવથી જ જોવાનો અભ્યાસ કરવો જોઈએ. નયોનો સહારો છોડી દેવો જોઈએ. એટલે **સ્વભાવગ્રાહી જ્ઞાનથી જ સ્વભાવનો અનુભવ થાય**. નયસાપેક્ષથી અનુભવ ન થાય. પરંતુ અનુભવ થયા પછી પરસ્પર બે નયો સાપેક્ષ છે એવું જ્ઞાન જરૂર થાય. **આ રીતે નયાતિક્રાંત થતા નયોનો જ્ઞાતા થાય છે.**

નયાતિક્રાંત થવા પહેલા નયોનો જ્ઞાતા થઈ શકતો નથી પણ નય વિકલ્પોની કર્તાબુધ્ધિ રહી જાય છે.

એટલે નય વિકલ્પોની કર્તાબુધ્ધિ કેમ છૂટે અને પછી નયોનો જ્ઞાતા કેમ થાય? -કે દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જુઓ, નિશ્ચયનયથી નહિ, અને પર્યાયને સ્વભાવથી જુઓ, નિશ્ચયનયથી પણ નહિ. સ્વભાવથી જોતાં નયવિકલ્પ છૂટી જાય છે.

નિશ્ચયનયના પક્ષથી નિર્ણય થાય છે પણ અનુભવ થતો નથી. તેથી નિશ્ચયનો પક્ષ પણ છોડી સ્વભાવથી જોતાં અનુભવ થાય છે. શ્રી સમયસાર નાટક (જીવદ્વાર, ગાથા ૧૦)માં કહ્યું છે કે, 'जे जे वस्तु साधक है तेऊ तहां बाधक है'.

**આ જ વાત શ્રી પંચાધ્યાયી ગાથા ૬૪૫ થી ૬૪૮માં કહી છે.**

**શંકાકાર:-** જે વ્યવહારનયનું અવલંબન કરે છે તે જેમ સામાન્ય રીતે મિથ્યાદૃષ્ટિ છે, તેવી જ રીતે જે નિશ્ચયનયનું અવલંબન કરે છે તે મિથ્યાદૃષ્ટિ કેમ હોય? અર્થાત્ વ્યવહારનયનું અવલંબન કરનારને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવેલ છે તે બરાબર છે પરંતુ નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ જ કહેવામાં આવેલ છે તે કેવી રીતે?

**ઉત્તર:-** બરાબર છે, પરંતુ નિશ્ચયનયથી પણ વિશેષ કાંઈક છે. તે સૂક્ષ્મ છે, તેથી તે ગુરુના જ ઉપદેશને યોગ્ય છે. મહાનગુરુ સિવાય તેનું સ્વરૂપ કોઈ બતાવી શકતું નથી. તે વિશેષ સ્વાનુભૂતિનો મહિમા છે કે જે નિશ્ચયનયથી પણ બહુ સૂક્ષ્મ અને ભિન્ન છે.

**उभयं णयं विभिणिमं जाणइ णवरं तु समय पडिबद्धो।**
**णदु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो॥**[1]

1 **दोण्ह वि णयाण भणिदं जाणदि णवरं तु समयपडिबद्धो ।**

**णदु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो ।। १४३** – સમયસારમાં:- (૧) અમૃતચંદ્ર આચાર્યની આત્મખ્યાતિ ટીકા, અને (૨) જયસેનાચાર્યની તાત્પર્યવૃત્તિ ટીકા તથા પંડિત દેવકીનંદનજીની પંચાધ્યાયીની ટીકા.

**उभयं णयं विभिणिमं जाणइ णवरं तु समय पडिबद्धो।**

**णदु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो ।।** - પંડિત મખ્ખનલાલજીની પંચાધ્યાયીની ટીકા.

નિશ્ચયનયનું અવલંબન કરનારને પણ મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવ્યો છે તે વિષયમાં ઉકત ગાથા પણ પ્રમાણ છે. તેનો અર્થ એ છે કે જે બે પ્રકારના નય કહેવામાં આવ્યા છે તેને સમ્યગ્દૃષ્ટિ જાણે તો છે પરંતુ કોઈ પણ નયના પક્ષને ગ્રહતો નથી, તે નયપક્ષથી રહિત છે.

આ ગાથારૂપ સૂત્રથી આ વાત સિધ્દ્ થઈ કે **સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયનયનું પણ અવલંબન નથી કરતો**.

બીજી વાત એ છે કે નિશ્ચયનયને પણ આચાર્યે સવિકલ્પ કહી છે અને જેટલું સવિકલ્પ જ્ઞાન છે તેને અભૂતાર્થ કહ્યું છે.

જેમ કે પહેલા કહ્યું છે ગાથા-૫૦૬ માં,

'**यदि वा ज्ञानविकल्पो नयो विकल्पोस्ति सोप्यपरमार्थः**'

તેથી સવિકલ્પ જ્ઞાનાત્મક હોવાથી પણ નિશ્ચયનય મિથ્યા સિધ્દ્ થાય છે. તથા અનુભવમાં પણ એ જ વાત આવે છે કે જેટલા કોઈ નય છે તે બધા પરસમય-મિથ્યા છે તથા તે નયોનું અવલંબન કરનાર પણ મિથ્યાદૃષ્ટિ છે.

# સ્વાનુભૂતિનું સ્વરૂપ

તે સ્વાનુભૂતિની મહિમા એ રીતે છે કે સવિકલ્પ જ્ઞાન હોતાં, નિશ્ચયનય એ વિકલ્પોનો નિષેધ કરે છે. પરંતુ **'જ્યાં આગળ ન તો વિકલ્પ જ છે અને ન તો નિષેધ જ છે, ત્યાં આગળ ચિદાત્મા અનુભૂતિ માત્ર છે'**.

---

પંડિત મખ્ખનલાલજીની પંચાધ્યાયીની ટીકામાં સમયસાર ગાથા ૧૪૩ના શબ્દમાં અને પંડિત દેવકીનંદનજીની ટીકામાં થોડો ફરક છે.

ખરેખર જ્યાં સુધી શ્રધ્ધા વિપરીત છે ત્યાં સુધી બે નયોનું પરસ્પર સાપેક્ષ એવું સમ્યગ્જ્ઞાન પણ પ્રગટ થતું નથી. નિરપેક્ષ તત્ત્વની દૃષ્ટિ વિના અપેક્ષાઓનું જ્ઞાન સમ્યક્ થતું નથી. માટે આત્માર્થીએ પ્રથમ શ્રધ્ધાની સંશુધ્ધિ હેતુએ સ્વભાવથી સ્વભાવને જોવો જોઈએ, કોઈ નયથી નહિ.

આ જ ભાવ શ્રીમાન અમૃતચંદ્રાચાર્યદેવે સમયસાર કળશ ૬૯-૭૦ માં દર્શાવ્યો છે.

**य एव मुक्त्वा नयपक्षपातं**
**स्वरूपगुप्ता निवसन्ति नित्यम् ।**
**विकल्पजालच्युतशान्तचित्ता-**
**स्त एव साक्षादमृतं पिबन्ति ॥६९॥**

**શ્લોકાર્થ:-** જેઓ નયપક્ષપાતને છોડી (પોતાના) સ્વરૂપમાં ગુપ્ત થઈને સદા રહે છે તેઓ જ, જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત શાંત થયું છે એવા થયા થકા સાક્ષાત અમૃતને પીએ છે.

**ભાવાર્થ:-** જ્યાં સુધી કાંઈ પણ પક્ષપાત રહે છે ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. જ્યારે નયોનો સર્વ પક્ષપાત મટી જાય ત્યારે વીતરાગ દશા થઈને સ્વરૂપની શ્રધ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખ અનુભવાય છે.

હવેના ૨૦ કળશમાં નયપક્ષને વિશેષ વર્ણવે છે અને કહે છે કે આવા સમસ્ત નયપક્ષોને જે છોડે છે, તે તત્ત્વવેદી (તત્ત્વોનો જાણનાર) સ્વરૂપને પામે છે:-

**શ્લોકાર્થ (૭૦):-** જીવ કર્મથી બંધાયેલો છે એવો એક નયનો પક્ષ

છે અને જીવ કર્મથી બંધાયેલો નથી એવો બીજા નયનો પક્ષ છે; આમ ચિત્સવરૂપ જીવ વિષે બે નયોના બે પક્ષપાત છે. જે તત્ત્વવેદી (વસ્તુસ્વરૂપનો જાણનાર) પક્ષપાતરહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે (અર્થાત્ તેને ચિત્સ્વરૂપ જીવ જેવો છે તેવો નિરંતર અનુભવાય છે).

**ભાવાર્થ:-** આ ગ્રંથમાં પ્રથમથી જ વ્યવહારનયને ગૌણ કરીને અને શુધ્ધનયને મુખ્ય કરીને કથન કરવામાં આવ્યું છે. ચૈતન્યના પરિણામ પરનિમિત્તથી અનેક થાય છે તે સર્વેને પહેલેથી જ આચાર્ય ગૌણ કહેતા આવ્યા છે અને જીવને શુધ્ધ ચૈતન્ય માત્ર કહ્યો છે. એ રીતે જીવ-પદાર્થને શુધ્ધ, નિત્ય, અભેદ ચૈતન્યમાત્ર સ્થાપીને હવે કહે છે કે- આ શુધ્ધનયનો પણ પક્ષપાત (વિકલ્પ) કરશે તે પણ તે શુધ્ધસ્વરૂપના સ્વાદને નહિ પામે. અશુધ્ધનયની તો વાત જ શી? પણ જો કોઈ શુધ્ધનયનો પણ પક્ષપાત કરશે તો પક્ષનો રાગ નહિ મટે તેથી વીતરાગતા નહિ થાય. પક્ષપાતને છોડી ચિન્માત્ર સ્વરૂપ વિષે લીન થયે જ સમયસારને પમાય છે. માટે શુધ્ધનયને જાણીને, તેનો પણ પક્ષપાત છોડી શુધ્ધસ્વરૂપનો અનુભવ કરી, સ્વરૂપ વિષે પ્રવૃત્તિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરી, વીતરાગ દશા પ્રાપ્ત કરવી યોગ્ય છે.

આ જ ભાવ સમયસાર કળશટીકા, કળશ-૯૩ માં પણ પાંડે રાજમલજીએ દર્શાવ્યો છે -

'જેટલા નય છે તેટલા શ્રુતજ્ઞાનરૂપ છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે; તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે. તેથી પ્રત્યક્ષપણે અનુભવતો થકો જે કોઈ શુધ્ધ સ્વરૂપ આત્મા તે જ જ્ઞાનપુંજ વસ્તુ છે, એમ કહેવાય છે.'

પૂ. ભાઈશ્રીએ પરમ કરૂણા કરી ફરમાવ્યું કે, 'હે ભવ્યો! અમારો આશય તો, બધા નયાતીત થાઓ, પરમાનંદને પામો એટલો છે'. તેથી સ્વભાવ પ્રાપ્તિની રીત નયોથી જુદી છે.

શ્રીમદ રાજચંદ્રજીએ પણ આ રહસ્ય પત્ર નં. ૨૦૮ વર્ષ ૨૪ મું, મુંબઈ મહા વદ-૩૦ ૧૯૪૭ - માં દર્શાવ્યું છે.

'અનંતા નય છે; એકેક પદાર્થ અનંત ગુણથી, અને અનંત ધર્મથી યુક્ત છે; એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે અનંત નય પરિણમે છે; માટે એ વાટે પદાર્થનો નિર્ણય કરવા માગીએ તો થાય નહિ; એની વાટ કોઈ બીજી હોવી જોઈએ. **ઘણું કરીને આ વાતને જ્ઞાની પુરુષો જ જાણે છે;** અને તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે; જેથી કોઈ નયનું એકાંત ખંડન થતું નથી; અથવા કોઈ નયનું એકાંત મંડન થતું નથી. જેટલી જેની યોગ્યતા છે, તેટલી તે નયની સત્તા જ્ઞાની પુરુષોને સંમત હોય છે. માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવા મનુષ્યો 'નય'નો આગ્રહ કરે છે; અને તેથી વિષમફળની પ્રાપ્તિ હોય છે. કોઈ નય જ્યાં દુભાતો નથી એવા જ્ઞાનીના વચનને અમે નમસ્કાર કરીએ છીએ. જેણે જ્ઞાનીના માર્ગની ઈચ્છા કરી હોય, એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો; કોઈ નયમાં આગ્રહ કરવો નહિ અને કોઈ પ્રાણીને એ વાટે દુભાવવું નહિ, અને એ આગ્રહ જેને મટયો છે, તે કોઈ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઈચ્છા કરતો નથી.'

આગમનો મર્મ જ્ઞાનીના હૃદયમાં હોય છે. શ્રી પંચાધ્યાયીકારે પણ કહ્યું છે કે, નિશ્ચયનયાવલંબી પણ મિથ્યાદૃષ્ટિ છે, એ વાતનું રહસ્ય મહનીય ગુરુ જ સમજાવી શકે છે, એ વાતનો ધન્ય પળે થયેલી પૂજ્ય ભાઈશ્રીના શ્રીમુખે થયેલી ચર્ચા દ્વારા પ્રત્યક્ષ અનુભવ થાય છે.

જે અતિ નિકટ ભવ્ય જીવ આ પરમ વીતરાગતામયી ઉત્તમ વચનોને માથે ચઢાવશે અને હૃદયમાં ધારશે એ અવશ્યમેવ પક્ષાતિક્રાંત થઈ સાક્ષાત્ જ્ઞાતા થયો થકો પરમાનંદને અનુભવશે અને અલ્પકાળમાં પૂર્ણાનંદમયી મુક્તિનો મહાપાત્ર થશે.

ભરતકુમાર ખીમચંદ શેઠ,

રાજકોટ.

# * प्रथम प्रवेश द्वार *

# ॐ

# नमः समयसाराय

अध्यात्म युग प्रवर्तक स्वानुभव प्रेरणामूर्ति परम उपकारी परम पूज्य सद्‌गुरुदेवश्री कानजीस्वामी ने इस काल में तीर्थ (मोक्षमार्ग) स्थापित किया। उस स्थापित किये तीर्थ की सुरक्षा करनेवाले, पूज्य गुरुदेवश्री के अनन्य भक्त, शुद्धात्मवेदी, सिद्धांत बोध रसिक, सूक्ष्म अध्यात्म रहस्यों के उद्‌घाटक, सूक्ष्मातिसूक्ष्म जटिल शल्यों के सुप्रसिद्ध चिकित्सक, अध्यात्म-जगत के सुप्रसिद्ध सिरमौर प्रवक्ता पूज्यश्री लालचंदभाई के मुखारविंद में से झरे हुए दो गूढ़ रहस्य...

(१) द्रव्य स्वभाव (२) पर्याय स्वभाव की

- अति अपूर्व अद्‌भुत परमामृतमय भेंट आत्मार्थियों को अर्पित करते हुए अति हर्ष होता है।

विश्व के प्रत्येक पदार्थ की तरह आत्मवस्तु द्रव्य-पर्यायात्मक होने से अनेकांतिक है। उसे समझाने के लिये भगवान की तथा तद्‌अनुसारिणी संतों की वाणी द्विनयाश्रित होती है। इसप्रकार समझाने के लिये तथा समझने के लिये नयों का प्रयोग होता है। परंतु आत्मानुभव नयातिक्रांत होने से नयों के द्वारा ही वस्तु को जानने में अटकने से स्वभाव की प्राप्ति नहीं होती।

रहस्यपूर्ण चिठ्ठी में नयचक्र के आधार से पं. श्री टोडरमलजी ने फरमाया है कि तत्त्व के अवलोकन के समय शुद्धात्मा को युक्ति से अर्थात् नय, प्रमाण के द्वारा पहले जान; आराधना के समय नहीं, क्योंकि अनुभव प्रत्यक्ष है।

जिसप्रकार अभिमन्यु को चक्रव्यूह में प्रवेश करना आता था परंतु उसमें से बाहर निकलना नहीं आया उसीप्रकार अज्ञानी शास्त्र के अवलंबन से नयचक्र में प्रवेश करता है परंतु उसमें से पार होकर पक्षातिक्रांत होने की विधि से अनजान है।

प्रस्तुत चर्चा में पक्षातिक्रांत होने की गूढ़ विधि समझाते हुए पूज्य भाईश्री फरमाते हैं कि द्रव्य स्वभाव को स्वभाव से देख और पर्याय स्वभाव को भी स्वभाव से देख। किसी नय से मत देख। नय से देखने पर स्वभाव की प्राप्ति नहीं होती। अज्ञानी जीव शास्त्र का बहुत अभ्यास करने पर भी स्वभाव की प्राप्तिरूप सम्यग्दर्शन और सम्यग्ज्ञान से वंचित हैं। वे केवल नयों के विकल्पों में रुके हुए हैं और नयातिक्रांत होने की कला से अनजान हैं।

नय विकल्प में अटके हुए जीव नयातिक्रांत होकर आत्मा का साक्षात् अनुभव कर सकें तदर्थ परम कृपालु भाईश्री ने यह विकल्पांतकारी निर्विकल्प होने की अर्थात् नयातीत होकर पक्षातिक्रांत होने की रहस्यात्मक कला (विधि) दर्शाई है।

पूज्य भाईश्री के हृदय में आया हुआ यह उत्कृष्ट भाव, संतों के आगम में से मिल जाता है। क्योंकि वस्तु के स्वरूप के लिये और स्वरूप के अनुभव के लिये अनंत ज्ञानियों का एक ही मत होता है।

यह चर्चा नय से पक्षातिक्रांत होकर प्रत्यक्ष अनुभव कराने के हेतु से हुई है। पक्षातिक्रांत को प्राप्त आत्मा शुद्धात्मा की दृष्टिपूर्वक दो नयों के विषयों को जानता है। कोई नय आहत होता नहीं और पक्ष रहता नहीं और दो नयों का ज्ञाता हो जाता है।

नय से देखने पर बहुत करके तीन दोष आते हैं।

(१) नयज्ञान सापेक्ष है। सापेक्ष में, प्रतिपक्ष व्यवहार के पक्ष का विकल्प उत्पन्न होने पर, मिथ्यात्व का शल्य रह जाता है।

जबकि निरपेक्ष में आने पर दृष्टि तथा ज्ञान सम्यक् होते हैं, विकल्प छूट जाता है और दो नयों का ज्ञाता होकर वीतरागता प्रगट होती है।

(२) नय विकल्परूप है। विकल्प से स्वभाव की प्राप्ति नहीं होती। नयपक्ष आकुलतारूप है। नयज्ञान इन्द्रियज्ञान होने से शुद्धज्ञान तो नहीं है, परंतु स्वज्ञेय भी नहीं है - परज्ञेय है।

(३) नय अंशग्राही है। नय के द्वारा जानने पर नय अंशग्राही होने से एक धर्म को जानता है, बाकी के धर्मों को जानना बाकी रह जाता है। अर्थात् ज्ञान के विषय का प्रतिबंध होता है। प्रतिबंध होने पर उसे जानने की इच्छा उत्पन्न होने पर आकुलता होती है। निर्विकल्प अतीन्द्रियज्ञान द्वारा आत्मा का अनुभव करने पर वह ज्ञान सविकल्प होने से और उसका सामर्थ्य सर्वग्राही होने से युगपद् अक्रम से सभी धर्म एक समय में जानने में आते हैं। कुछ भी जानना बाकी नहीं रहता इसलिए इच्छा उत्पन्न नहीं होती। अतः निराकुल आनंद का अनुभव होता है। इसप्रकार स्वभाव की प्राप्ति की रीति, नयों से अलग है।

इस चर्चा में खास बात यह है कि नय से स्वभाव की प्राप्ति नहीं होती क्योंकि नय सापेक्ष होते हैं। उसके आधाररूप में पंचाध्यायी पूर्वार्ध गाथा-५१५ में स्पष्ट कहा है कि, जिस प्रकार छेदन क्रिया का कारण ऐसी कुल्हाड़ी छेदन क्रिया करने में स्वतंत्र रीति से चलायी जाती है उसीप्रकार नय स्वतंत्र रीति से वस्तु को किसी धर्म से विशिष्ट न ही समझता है और न कहता ही है।

**भावार्थः-** कुल्हाड़ी चलाने में यह आवश्यक नहीं है कि वह किसी दूसरे हथियार की अपेक्षा रखकर ही छेदनक्रिया करे, परंतु नय का प्रयोग स्वतंत्र नहीं हो सकता है। किसी विशेष अपेक्षा के बिना नय प्रयोग नहीं हो सकता है। नय प्रयोग में विशेष अपेक्षा तथा प्रतिपक्ष नय की सापेक्षता आवश्यक है। इसीलिये छेदन क्रिया में कुल्हाड़ी के समान नय स्वतंत्र नहीं, किन्तु विवक्षा और प्रतिपक्ष नय से वह परतंत्र है। जो नय अपेक्षा के बिना और प्रतिपक्ष नय की सापेक्षता के बिना प्रयोग किया जाता है उसे नय ही नहीं कहना चाहिये अथवा मिथ्या नय कहना चाहिये। नय सापेक्ष ही होता है। नय निरपेक्ष नहीं होता। और स्वभाव निरपेक्ष ही होता है, सापेक्ष नहीं होता। इसीलिये सापेक्ष नय से निरपेक्ष स्वभाव की प्राप्ति नहीं होती।

इसप्रकार नय सापेक्ष ही होते हैं क्योंकि 'निरपेक्ष नया मिथ्या' ऐसा शास्त्र का वचन है। इसलिए निश्चयनय से मैं अकर्ता हूँ -इसप्रकार एक नय का ही पक्ष करे तो वह तो मिथ्या एकांत हो गया। इसलिये, 'सापेक्ष नया सम्यक्' होने से, निश्चय से अकर्ता हूँ तो व्यवहार से कर्ता हूँ - ऐसा लेने में नय ज्ञान तो सम्यक् हो गया परंतु सापेक्षता में आने के कारण अर्थात् नयज्ञान में आने के कारण, निरपेक्ष स्वभाव से दूर हो गया। नयज्ञान से स्वभाव की प्राप्ति नहीं होती - क्योंकि स्वभाव, स्वभाव से ही निरपेक्ष है। नय को सम्यक् करने गया, तो स्वभाव से दूर हो गया और स्वभाव में आया, तो नयपक्ष स्वयं सहज अस्त हो जाता है।

नय का सही प्रतिपादन करने के लिये सापेक्ष से बात करनी ही चाहिये। नहीं तो एकांत हो जाता है। और सापेक्ष करने जायें तो आत्मा का अनुभव नहीं होता क्योंकि निश्चयनय से आत्मा अकर्ता है ऐसा कहने पर, कहे बिना भी 'व्यवहारनय से कर्ता है' -ऐसा आ जाता है। अतः इसप्रकार सापेक्ष सिद्ध करने में भी जीव नयातिक्रांत नहीं होता। क्योंकि

त्रिकाली वस्तु जो श्रद्धा का विषय है वह सापेक्ष नहीं है। वह तो निरपेक्ष ही है।

दो नयों का विषय तो ज्ञान का ज्ञेय है, श्रद्धा का श्रद्धेय नहीं है। अतः दो नयों के आश्रय से श्रद्धा प्रगट नहीं होती। इसलिये दो नयों के पक्ष को छोड़कर, त्रिकाल निरपेक्ष स्वभाव का अवलंबन लेने पर श्रद्धा सम्यक् होती है क्योंकि श्रद्धा एकांतिक ही होती है। और श्रद्धा सम्यक् होने पर ज्ञान सम्यक् होता है। और सम्यग्ज्ञान स्वभाव से अनेकांतिक होने से दो नयों के विषय को, जैसा है वैसा, पक्षपात रहित, जानता है।

इसप्रकार ज्ञानी दो नयों के ज्ञाता हैं। परंतु अज्ञानी दो नयों के विकल्प का कर्ता है।

इसलिये अज्ञानी को प्राथमिक प्रमाण-नय से अभ्यास करने के बाद द्रव्य स्वभाव को स्वभाव से और पर्याय स्वभाव को स्वभाव से ही देखने का अभ्यास करना चाहिये। नयों का सहारा छोड़ देना चाहिये। अर्थात् **स्वभावग्राही ज्ञान से ही स्वभाव का अनुभव होता है**। नय सापेक्ष से अनुभव नहीं होता। परंतु अनुभव होने के पश्चात परस्पर दो नय सापेक्ष हैं ऐसा ज्ञान अवश्य होता है। **इसप्रकार नयातिक्रांत होने पर, नयों का ज्ञाता होता है।**

नयातिक्रांत होने के पहले नयों का ज्ञाता नहीं हो सकता परंतु नय विकल्पों की कर्ताबुद्धि रह जाती है।

अर्थात् नय विकल्पों की कर्ताबुद्धि कैसे छूटे और फिर नयों का ज्ञाता किस प्रकार हो? -कि द्रव्य स्वभाव को स्वभाव से देख, निश्चयनय से नहीं, और पर्याय को स्वभाव से देख, निश्चय (नय) से भी नहीं। स्वभाव से देखने पर नयविकल्प छूट जाते हैं।

निश्चयनय के पक्ष से निर्णय होता है परंतु अनुभव नहीं होता। अतः निश्चय का पक्ष भी छोड़कर स्वभाव से देखने पर अनुभव होता है। श्री समयसार नाटक (जीव द्वार, गाथा १०)में कहा है कि, 'जे जे वस्तु साधक है तेऊ तहां बाधक है '।

**यही बात श्री पंचाध्यायी गाथा ६४५ से ६४८ में कही है।**

**शंकाकार:-** जो व्यवहारनय का अवलंबन करता है, वह जैसे सामान्य रीति से मिथ्यादृष्टि है, उसी प्रकार जो निश्चयनय का अवलंबन करता है वह मिथ्यादृष्टि क्यों है? अर्थात् व्यवहारनय का अवलंबन करनेवाले को मिथ्यादृष्टि कहा गया है, सो ठीक परंतु निश्चयनय का अवलंबन करनेवाले को भी मिथ्यादृष्टि ही कहा गया है वह किस प्रकार?

**उत्तर:-** ठीक है, परंतु निश्चयनय से भी विशेष कुछ है। वह सूक्ष्म है, इसलिये वह गुरु के ही उपदेश योग्य है। महनीय गुरु के सिवा उसका स्वरूप कोई नहीं बतला सकता। वह विशेष स्वानुभूति की महिमा है जो कि निश्चयनय से भी बहुत सूक्ष्म और भिन्न है।

**उभयं णयं विभिणिमं जाणइ णवरं तु समय पडिबद्धो।**
**णदु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो॥**[1]

---

1 **दोण्ह वि णयाण भणिदं जाणदि णवरं तु समयपडिबद्धो ।**

**णदु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्खपरिहीणो ।। १४३** – सम्यसार में:- (१) अमृतचंद्र आचार्य की आत्मख्याति टीका, और (२) जयसेनाचार्य की तात्पर्यावृत्ति टीका और पंडित देवकीनंदनजी द्वारा पंचाध्यायी की टीका।

**उभयं णयं विभिणिमं जाणइ णवरं तु समय पडिबद्धो।**

**णदु णयपक्खं गिण्हदि किंचिवि णयपक्खपरिहीणो ।।** - पंडित मक्खनलालजी की पंचाध्यायी की टीका।

पंडित मक्खनलालजी की पंचाध्यायी पर की गई टीका में समयसार गाथा १४३ के शब्दों में और

निश्चयनय का अवलंबन करनेवाले को भी मिथ्यादृष्टि कहा गया है इस विषय में उक्त गाथा भी प्रमाण है। उसका अर्थ यह है कि जो दो प्रकार के नय कहे गये हैं उन्हें सम्यग्दृष्टि जानता तो है परंतु किसी भी नय के पक्ष को ग्रहण नहीं करता है, वह नयपक्ष से रहित है।

इस गाथारूप सूत्र से यह बात सिद्ध हुई कि **सम्यग्दृष्टि निश्चयनय का भी अवलंबन नहीं करता**।

दूसरी बात यह है कि निश्चयनय को भी आचार्य ने सविकल्प बतलाया है और जितना सविकल्प ज्ञान है उसे अभूतार्थ कहा है।

जैसा कि पहले कहा गया है गाथा-५०६ में,

'**यदि वा ज्ञानविकल्पो नयो विकल्पोस्ति सोप्यपरमार्थः**'

इसलिये सविकल्प-ज्ञानात्मक होने से भी निश्चयनय मिथ्या सिद्ध होता है। तथा अनुभव में भी यही बात आती है कि जितने भी नय हैं वे सभी परसमय-मिथ्या हैं। तथा उन नयों का अवलंबन करनेवाला भी मिथ्यादृष्टि है।

# स्वानुभूति का स्वरूप

उस स्वानुभूति की महिमा इसप्रकार है कि सविकल्प ज्ञान होने से, निश्चयनय उन विकल्पों का निषेध करता है। परंतु **'जहाँ न तो विकल्प ही है और न तो निषेध ही है, वहाँ चिदात्मा अनुभूति मात्र है।'**

वास्तव में जब तक श्रद्धा विपरीत है तब तक दो नयों का परस्पर सापेक्ष ऐसा सम्यग्ज्ञान भी प्रगट नहीं होता। निरपेक्ष तत्त्व की दृष्टि बिना अपेक्षाओं का ज्ञान सम्यक् नहीं होता। अतः आत्मार्थी को प्रथम श्रद्धा की

---

पंडित देवकीनंदनजी की टीका में थोड़ा अंतर है।

संशुद्धि हेतु स्वभाव से स्वभाव को देखना चाहिये, किसी नय से नहीं।

यह ही भाव श्रीमान् अमृतचंद्राचार्यदेव ने समयसार कलश ६९-७० में दर्शाया है।

**य एव मुक्त्वा नयपक्षपातं**
**स्वरूपगुप्ता निवसन्ति नित्यम् ।**
**विकल्पजालच्युतशान्तचित्ता-**
**स्त एव साक्षादमृतं पिबन्ति ॥६९॥**

**श्लोकार्थ (६९):-** जो नयपक्षपातको छोड़कर (अपने) स्वरूपमें गुप्त होकर निवास करते हैं वे ही, जिनका चित्त विकल्पजालसे रहित शान्त हो गया है ऐसे होते हुए, साक्षात् अमृतको पीते हैं।

**भावार्थ:-** जब तक कुछ भी पक्षपात रहता है तब तक चित्तका क्षोभ नहीं मिटता। जब नयोंका सब पक्षपात दूर हो जाता है तब वीतराग दशा होकर स्वरूपकी श्रद्धा निर्विकल्प होती है, स्वरूपमें प्रवृत्ति होती है और अतीन्द्रिय सुखका अनुभव होता है।

अब २० कलशों द्वारा नयपक्ष का विशेष वर्णन करते हुए कहते हैं कि जो ऐसे समस्त नयपक्षों को छोड़ देता है, वह तत्त्ववेत्ता (तत्त्वज्ञानी) स्वरूप को प्राप्त करता है:-

**श्लोकार्थ (७०):-** जीव कर्मों से बंधा हुआ है ऐसा एक नय का पक्ष है और जीव कर्मों से नहीं बंधा हुआ है ऐसा दूसरे नय का पक्ष है; इसप्रकार चित्स्वरूप जीव के संबंध में दो नयों के दो पक्षपात हैं। जो तत्त्ववेत्ता (वस्तुस्वरूप का ज्ञाता) पक्षपात रहित है उसे निरंतर चित्स्वरूप जीव चित्स्वरूप ही है (अर्थात् उसे चित्स्वरूप जीव जैसा है वैसा निरंतर

अनुभव में आता है)।

**भावार्थ:-** इस ग्रंथ में पहले से ही व्यवहारनय को गौण करके और शुद्धनय को मुख्य करके कथन किया गया है। चैतन्य के परिणाम परनिमित्त से अनेक होते हैं उन सबको आचार्यदेव पहले से ही गौण कहते आये हैं और उन्होंने जीव को शुद्ध चैतन्यमात्र कहा है। इसप्रकार जीव-पदार्थ को शुद्ध, नित्य, अभेद चैतन्यमात्र स्थापित करके अब कहते हैं कि- जो इस शुद्धनय का भी पक्षपात (विकल्प) करेगा वह भी उस शुद्ध स्वरूप के स्वाद को प्राप्त नहीं करेगा। अशुद्धनय की तो बात ही क्या है? किन्तु यदि कोई शुद्धनय का भी पक्षपात करेगा तो पक्ष का राग नहीं मिटेगा, इसलिये वीतरागता प्रगट नहीं होगी। पक्षपात को छोड़कर चिन्मात्र स्वरूप में लीन होने पर ही समयसार को प्राप्त किया जाता है। इसलिये शुद्धनय को जानकर, उसका भी पक्षपात छोड़कर शुद्धस्वरूप का अनुभव करके, स्वरूप में प्रवृत्तिरूप चारित्र प्राप्त करके, वीतराग दशा प्राप्त करनी चाहिये।

यह ही भाव समयसार कलशटीका, कलश-९३ में भी पांडे राजमलजी ने दर्शाया है -

'जितने नय हैं उतने श्रुतज्ञानरूप हैं; श्रुतज्ञान परोक्ष है, अनुभव प्रत्यक्ष है; इसलिये श्रुतज्ञान के बिना जो ज्ञान है वह प्रत्यक्ष अनुभव करता है। इसलिए प्रत्यक्षपने अनुभव करता हुआ जो कोई शुद्ध स्वरूप आत्मा वह ही ज्ञानपुंज वस्तु है, ऐसा कहा जाता है।'

पूज्य भाईश्री ने परम करुणा करके फरमाया कि, 'हे भव्यों! हमारा आशय तो, सब नयातीत होओ, परमानंद को प्राप्त करो इतना है'। अतः स्वभाव प्राप्ति की रीति नयों से अलग है।

श्रीमद् राजचंद्रजी ने भी यह रहस्य पत्र नं. २०८, वर्ष २४वाँ, मुंबई माघ कृष्ण-३० १९४७ - में दर्शाया है।

'अनंत नय हैं, एक एक पदार्थ अनंत गुण से और अनंत धर्म से युक्त है; एक-एक गुण और एक-एक धर्म प्रति अनंत नय परिणमते हैं; इसलिये उस पंथ से पदार्थ का निर्णय करना चाहें तो होता नहीं; उसका पंथ कोई दूसरा होना चाहिये। **बहुत करके इस बात को ज्ञानी पुरुष ही जानते हैं;** और वे नयादिक मार्ग के प्रति उदासीन वर्तते हैं; जिससे किसी नय का एकांत खंडन नहीं होता; अथवा किसी नय का एकांत मंडन नहीं होता. जितनी जिसकी योग्यता है, उतनी उस नय की सत्ता ज्ञानी पुरुषों को सम्मत होती है। मार्ग जिन्हें प्राप्त नहीं हुआ ऐसे मनुष्य 'नय' का आग्रह करते हैं; और उससे विषमफल की प्राप्ति होती है। कोई नय जहाँ बाधित नहीं होता ऐसे ज्ञानी के वचन को हम नमस्कार करते हैं। जिसने ज्ञानी के मार्ग की इच्छा की हो, ऐसे प्राणी को नयादिक में उदासीन रहने का अभ्यास करना; किसी नय में आग्रह करना नहीं और किसी प्राणी को उसके द्वारा आहत करना नहीं, और यह आग्रह जिसे मिट गया है, वह किसी प्रकार भी प्राणी को आहत करने की इच्छा नहीं करता।'

आगम का मर्म ज्ञानी के हृदय में होता है। श्री पंचाध्यायीकार ने भी कहा है कि, निश्चयनयावलंबी भी मिथ्यादृष्टि है, इस बात का रहस्य

महनीय गुरु ही समझा सकते हैं, इस बात का धन्य पल में हुई पूज्य भाईश्री के श्रीमुख से हुई चर्चा द्वारा प्रत्यक्ष अनुभव होता है।

जो अति निकट भव्य जीव इन परम वीतरागतामयी उत्तम वचनों को शिरोधार्य करेगा और हृदय में धारण करेगा वह अवश्यमेव पक्षातिक्रांत होकर साक्षात् ज्ञाता होकर परमानंद का अनुभव करेगा और अल्पकाल में पूर्णानंदमयी मुक्ति का महापात्र होगा।

भरतकुमार खीमचंद सेठ,

राजकोट।

# 'દ્રવ્ય સ્વભાવ'

એક દ્રવ્ય સ્વભાવ અને એક પર્યાય સ્વભાવ, બન્ને સ્વભાવથી જ જેવા છે તેવા છે. દ્રવ્ય સ્વભાવ એના પોતાના સ્વભાવથી જ અનાદિ-અનંત જેવો છે તેવો છે. અને જ્ઞાનની પર્યાયનો સ્વભાવ અનાદિ-અનંત જેવો છે તેવો છે.

શાસ્ત્રમાં અનેક પ્રકારના કથનો આવશે. જેમ કે આત્મા અશુદ્ધ નિશ્ચયનયે રાગનો કર્તા છે અને નિશ્ચયનયે વીતરાગભાવનો કર્તા છે. ભાઈ! આ બધા વ્યવહારનયના કથનો છે, એને ઓળંગી જા - આત્મા રાગને કરતો નથી અને વીતરાગભાવને પણ કરતો નથી. આત્મા તો સ્વભાવથી જ અનાદિ-અનંત અકારક-અવેદક છે.

આત્મા અકારક-અવેદક છે, તો કઈ નયથી છે?

અરે! સ્વભાવને અનુભવવા માટે નયની અપેક્ષા લગાડો નહિ, બંધ કરી દો. વ્યવહારનયે આત્મા પરિણામનો કર્તા છે અને નિશ્ચયનયે આત્મા પરિણામનો અકર્તા છે. અરે! આત્મા નિશ્ચયનયે અકર્તા છે કે સ્વભાવથી જ અકર્તા છે?

**ન્યાય:-** જો નિશ્ચયનયે આત્મા અકર્તા છે એમ તમે લક્ષમાં લેશો, તો આત્મા વ્યવહારનયે કર્તા છે, એ શલ્ય આવ્યા વિના રહેશે જ નહિ. તેથી નયથી વિચારો જ નહિ, વસ્તુ નયાતીત છે. દ્રવ્ય સ્વભાવ નયથી ખ્યાલમાં નથી આવતો. અનુભવમાં નથી આવતો. કેમ કે કોઈ નયથી અકર્તા છે - એમ નથી, સ્વભાવથી જ અકર્તા છે.

આ તો જે બિલકુલ અજાણ શિષ્ય છે, જેને આત્મા ત્રિકાળ

અકર્તા હોવા છતાં કર્તાબુધ્ધિ થઈ ગઈ છે, એને વ્યવહારનય અને નિશ્ચયનયથી સમજાવે છે. પણ હવે અત્યારે એવો કાળ આવ્યો છે કે આત્મા નિશ્ચયનયે અકર્તા છે - એમ છોડી દો. કેમ કે - જો નિશ્ચયનયથી આત્મા અકર્તા છે એમ તમે લેશો તો બીજી પ્રતિપક્ષ નય તમારા જ્ઞાનમાં ઊભી થશે અને મિથ્યાત્વ રહેશે. પણ સ્વભાવથી જુઓ તો કોઈ નયની અપેક્ષા જ નથી.

જેમ કે અગ્નિ ઉષ્ણ છે. કઈ નયથી? અરે! સ્વભાવથી જ ઉષ્ણ છે. પાણી શીતળ છે. કઈ નયથી? અરે! સ્વભાવથી જ શીતળ છે. જો નિશ્ચયનયે શીતળ છે એમ તમે લેશો તો વ્યવહારનયે ઉષ્ણ છે એમ આવી જશે.

નિશ્ચયનય તો માત્ર સ્વભાવનો ઇશારો કરે છે. નિશ્ચયનયને વળગશો તો સ્વભાવ દૃષ્ટિમાં નહિ આવે. નિશ્ચયનયથી જુઓ તો આવો તારો સ્વભાવ છે, એમ નય માત્ર સ્વભાવનો ઇશારો કરે છે. પણ નિશ્ચયનયની પહોંચ સ્વભાવ સુધી નથી કેમ કે વસ્તુ નયાતીત છે. અકારક-અવેદક વસ્તુનો સ્વભાવ છે. **સ્વભાવ, નયથી સિધ્ધ ન થાય. સ્વભાવ, સ્વભાવથી જ સિધ્ધ થાય.**

આત્મા પર્યાય માત્રથી ભિન્ન છે, માટે એને અનાદિ-અનંત કર્તાપણું લાગું પડતું જ નથી. આત્મા બંધનો પણ કર્તા નથી, અને મોક્ષનો પણ કર્તા નથી. કઈ નયથી? અરે! સ્વભાવથી જ એ તો અકર્તા છે. કોઈ નય લાગુ પડતી નથી. આ દ્રવ્ય સ્વભાવની વાત થઈ.

# જ્ઞાનની પર્યાયનો સ્વભાવ

આત્મા જ્ઞાતા છે. કઈ નયથી?

અરે! સ્વભાવથી જ જ્ઞાતા છે. વ્યવહારનયે જ્ઞાન પરને જાણે છે અને નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે - એમ નથી. અનાદિ-અનંત જ્ઞાનની પર્યાય આત્માને જાણવારૂપે જ પરિણમે છે. એ જ્ઞાન આત્માને જ પ્રસિધ્ધ કરે છે.

કઈ નયથી જ્ઞાનમાં આત્મા જણાય અને કઈ નયથી ન જણાય? વ્યવહારનયથી ન જણાય અને નિશ્ચયનયથી જણાય - એમ નથી. **જ્ઞાન આત્માને સ્વભાવથી જ અનાદિ-અનંત પ્રસિધ્ધ કરે છે.** એને નયની અપેક્ષા જ નથી. સ્વભાવમાં નય ન હોય અને સ્વભાવની સિધ્ધિ માટે, 'નય' માત્ર અંગુલિ નિર્દેશ કરે છે. અનુમાન સુધી લઈ જાય છે, બસ-

તું નિશ્ચયનયે અકર્તા છો કે સ્વભાવથી જ અકર્તા છો?

હું તો સ્વભાવથી જ અકર્તા છું, પ્રભુ.

બસ, તો નયોના વિકલ્પ છૂટી જશે અને તને અનુભવ થઈ જશે. અનુભવની આ વિધિ છે.

જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે કે સ્વભાવથી જાણે છે?

સ્વભાવથી જ જાણે છે, પ્રભુ! અનાદિ-અનંત જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણતું પ્રગટ થાય છે. સ્વભાવથી જ જાણતો હોય, એમાં નયની અપેક્ષા ન હોય.

નય તો માત્ર સ્વભાવનો અંગુલિ નિર્દેષ કરે છે. પહેલા વ્યવહારનયનો પક્ષ હતો એને નિશ્ચયનય દ્વારા સમજાવે છે, તો વ્યવહારનો પક્ષ છૂટી જાય છે અને નિશ્ચયના પક્ષમાં આવે છે. હવે કોઈ તો સ્વભાવ સુધી પહોંચી પક્ષાતિક્રાંત થઈ અનુભવ કરી લે છે અને કોઈ નિશ્ચયનયના પક્ષમાં અટકી જાય છે, અનુભવ કરી શકતો નથી. હવે જે નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરી, અનુભવમાં ચાલ્યો જાય છે, પક્ષાતિક્રાંત થાય છે, એણે નિશ્ચયનયનો પક્ષ પણ છોડયો ત્યારે અનુભવ થયો. 'નયથી આવો છું' એવો વિકલ્પ છૂટી જાય છે. અનુભવ માટે નય સાધન જ નથી. નય માત્ર અનુમાન સુધી લઈ જાય છે, એ અનુભવ ન કરાવી શકે.

જ્ઞાનની પર્યાય નિશ્ચયનયે આત્માને જાણે છે એમ વિચારતા વ્યવહારનયથી એ પરને જાણે છે, એમ આવી ગયું. અરે! નિશ્ચયનયથી જ્ઞાન આત્માને નથી જાણતું, સ્વભાવથી જ જાણે છે. તો કોઈ નય જ ન રહી, સ્વભાવ હાથમાં આવી ગયો. આ વાત કોઈ અપૂર્વ છે. **નયાતીત થવા માટેની આ વાત છે. સ્વભાવથી જ સ્વભાવ જણાય** - નયથી સ્વભાવની પ્રસિદ્ધિ જ ન થઈ. નય સાધન જ નથી. જો નય સાધન હોય તો તો પક્ષાતિક્રાંત થવાના કાળે નય રહેવી જોઈએ પરંતુ ત્યારે તો કોઈ નય રહેતી નથી. માટે નય સ્વભાવની સિદ્ધિ માટેનું સાધન જ નથી.

જેમ કે સૂર્ય પ્રકાશનો પુંજ છે. કઈ નયથી? અરે! સ્વભાવથી જ સૂર્ય પ્રકાશનો પુંજ છે. વળી પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે, કઈ નયથી? અરે! સ્વભાવથી જ પ્રકાશ સૂર્યને પ્રસિદ્ધ કરે છે. હવે જે સ્વભાવથી જ છે, ત્યાં નય લાગુ પડતી નથી. નયો તો માત્ર શિષ્યને સમજાવવા માટે છે. બહુ નયોના પ્રયોગમાં જવા જેવું નથી-

જો જ્ઞાન નયોના પ્રયોગમાં અટકશે તો બીજી પ્રતિપક્ષી નય જ્ઞાનમાં ઊભી થશે. આત્મા '**નિશ્ચયનયે**' અકર્તા છે, એમાં વિકલ્પ

ઊભો થયો. જ્ઞાનની પર્યાય '**નિશ્ચયનયે**' આત્માને જાણે છે એમાં પણ વિકલ્પ ઊભો થયો. નિશ્ચયનયે આત્મા અકર્તા નથી... નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણતું નથી... અરે! આ શું વાત કરો છો? હા, સાંભળ.

- **નિશ્ચયનયે આત્મા અકારક-અવેદક નથી. સ્વભાવથી જ અકારક-અવેદક છે.**

- **નિશ્ચયનયે જ્ઞાન જ્ઞાયકને જાણતું નથી. સ્વભાવથી જ જ્ઞાન જ્ઞાયકને જાણે છે.**

આમ સ્વભાવની સન્મુખ થતાં નયોના વિકલ્પ અસ્ત થઈ જાય છે, શાંત થઈ જાય છે. અને અભેદપણે આત્માનો અનુભવ થાય છે. આ તો સ્વભાવનું જેને ભાન નહોતું અને જે વ્યવહારનયના પક્ષમાં પડયો હતો એને નિશ્ચયનય દ્વારા સમજાવે છે. તો એ 'નિશ્ચયનય'ને વળગી પડયો. માટે એને હવે કહે છે - જ્ઞાન નિશ્ચયનયે આત્માને જાણતું નથી. અરે! આ શું કહો છો? શું નિશ્ચયનયે નથી જાણતું, તો શું વ્યવહારનયે જાણે છે? અરે! તું સાંભળ, હું ત્રીજી વાત કરું છું.

**જ્ઞાન, સ્વભાવથી જ આત્માને જાણે છે. એને નય લાગુ પડતી નથી. એક દ્રવ્ય સ્વભાવ અને એક પર્યાય સ્વભાવ. બન્નેના સ્વભાવને લક્ષમાં લે તો એક અનુભવ થાય. નયાતીત થવાની આ વિધિ છે.**

જાણનારો જણાય છે. જણાય છે અર્થાત્ જણાયા જ કરે છે. આબાળગોપાળ સૌને ભગવાન આત્મા જણાયા જ કરે છે. કઈ નયથી જણાયા કરે છે? અરે! એ તો 'સ્વભાવ'થી જ જણાયા કરે છે, જા.

એમ આવે છે કે - જ્યારે સ્વભાવની સન્મુખ થઈ અનુભવ કરે છે ત્યારે નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્તને પામે છે. નયોની લક્ષ્મી અર્થાત્ સ્વભાવને જાણનારી સવિકલ્પાત્મક જ્ઞાનની પર્યાય ઉદય પામતી નથી. નય અસ્ત થાય છે ત્યારે સ્વાભાવિક જ્ઞાન ઉદય થાય છે. જ્યારે આત્માને સ્વભાવથી જુએ છે ત્યારે નયોના વિકલ્પ છૂટી જાય છે.

(સમયસાર) કળશ - ૯માં આવે છે કે -

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**
**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम् ।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-**
**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ।।९।।**

**શ્લોકાર્થ:-** આચાર્ય શુધ્ધનયનો અનુભવ કરી કહે છે કે [अस्मिन् सर्वङ्कषे धाम्नि अनुभवम् उपयाते] આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુધ્ધનયનો વિષયભૂત ચૈતન્ય-ચમત્કારમાત્ર તેજઃપુંજ આત્મા, તેનો અનુભવ થતાં [नयश्रीः न उदयति] નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, [प्रमाणं अस्तम् एति] પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે [अपि च] અને [निक्षेपचक्रम् क्वचित्याति, न विद्मः] નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે તે અમે જાણતા નથી. [किम् अपरम् अभिदध्मः] આથી અધિક શું કહીએ? [द्वैतम् एव न भाति] દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી.

જાણનારો જણાય છે. અને જ્યારે મને જાણનારો જણાય છે એમ આવે છે ત્યારે, 'નિશ્ચયનય'થી જાણનારો જણાય છે એવો વિચાર પણ આવતો નથી. **સ્વભાવથી જ જાણનારો જાણવામાં આવી રહ્યો છે તો સ્વભાવ જ લક્ષમાં આવે છે અને જ્યારે સ્વભાવ લક્ષમાં આવે છે ત્યારે નયના વિકલ્પ છૂટી જાય છે** અને સ્વભાવ સ્વભાવપણે

અભેદ અનુભવમાં આવે છે.

'સમય'ની વ્યાખ્યા કરી કે - જાણવું અને (આત્માને) જાણવારૂપે પરિણમવું... સ્વભાવથી જ છે અનાદિ-અનંત, કોઇ નય લાગુ ન પડે. **જો નય લગાડીશ તો સ્વભાવથી દૂર થઈ જઇશ અને જો સ્વભાવથી જોઇશ તો નય દૂર થઈ જશે.** આ નયથી દૂર થવાની વાત ચાલી રહી છે. નયથી સમજવાની તને ટેવ પડી ગઇ છે, તેથી વિકલ્પ ઉત્પન્ન થયા વગર રહેતા નથી.

'હું નિશ્ચયનયે અકર્તા છું' તો 'વ્યવહારનયે કર્તા છું' એમ આવી જ જાય, ખબર ન પડે. તેથી હું 'નિશ્ચયનયે' અકર્તા નથી, સ્વભાવથી જ અકર્તા છું. હું વ્યવહારનયે તો અકર્તા નથી જ, પણ નિશ્ચયનયે પણ અકર્તા નથી. **હું તો સ્વભાવથી જ અકર્તા છું.**

'નિશ્ચયનયે' જ્ઞાન આત્માને જાણે છે?

'નિશ્ચયનયે' જ્ઞાન આત્માને જાણતું જ નથી.

અરે! આ શું કહો છો?

હા, સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણતું પરિણમી રહ્યું છે.

હિંમતનગરમાં ફરમાવ્યું હતુ, દ્રવ્ય સ્વભાવ અનાદિ-અનંત જ્ઞાનમાં જણાયા કરે છે અને જ્ઞાન અનાદિ-અનંત આત્માને જાણ્યા જ કરે છે. આ FUNCTION (ક્રિયા) અનાદિ-અનંત ચાલુ જ છે. આ વસ્તુસ્થિતિનો સ્વીકાર કરી લે તો અનુભવ થશે.

ખરેખર તો 'નિશ્ચયનય'નો જે પક્ષ - વિકલ્પ છે તે સ્વભાવના

ઓથે ગળે છે અને સ્વભાવનો 'આશ્રય' લેતા એ પક્ષ ટળી જાય છે અને નયાતિક્રાંત થાય છે. 'નિશ્ચયનય' પક્ષાતિક્રાંત કરાવી, આનંદની પ્રાપ્તિ કરાવી ચાલી જાય છે. ઉભી ક્યાં રહે છે? જયાં પોતે સ્વભાવની સન્મુખ થાય છે, ત્યાં નિશ્ચયનયનો પક્ષ પણ ઉત્પન્ન થતો નથી. નયપક્ષ તો પરાશ્રિત છે. વ્યવહારનય તો પરાશ્રિત છે જ પણ નિશ્ચયનય પણ પરાશ્રિત જ છે. વિકલ્પ માત્ર પરાશ્રિત જ હોય અને સ્વાશ્રિત ન હોય. (મનના સંગવાળો વિકલ્પ હોવાથી પરાશ્રિત જ છે).

અતીન્દ્રિયજ્ઞાન આત્માને નિશ્ચનયથી જાણતું નથી પરંતુ સ્વભાવથી જાણે છે. એમાં નયનુ શું કામ આવ્યું? **જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે. એમ ખ્યાલમાં આવ્યું એનું નામ 'જ્ઞાનની પર્યાયનો નિશ્ચય' - અનુભવમાં પ્રગટ થાય છે.**

'જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક તો જ્ઞાયક છે' બસ પરને જાણવાનો પક્ષ હતો તે છૂટી ગયો. જ્ઞાયક પરને જાણતો નથી એટલું કહ્યું - જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એવો નિશ્ચયનય છે - એમ ન લીધું. નિશ્ચયનયથી જ્ઞાયક જ્ઞાયકને જાણે છે એમ નહિ પરંતુ જ્ઞાયક તો જ્ઞાયક છે, બસ. જ્ઞાનની પર્યાય સ્વભાવથી જ આત્માને જાણ્યા કરે છે. એમાં નયની કોઈ જરૂરત જ નથી. આબાળગોપાળ સૌને આત્મા સદાકાળ અનુભવમાં આવી રહ્યો છે. **'સદાકાળ' અર્થાત્ સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે.** પણ વ્યવહારથી તો પરને જાણે છે ને? અરે! પરનું જાણવું સ્વભાવમાં જ નથી. 'જ્ઞાયક નથી ત્યમ પર તણો' - ખલાસ થઈ ગઈ વાત.

નયાતીતમાં જેમ અનુભવ આવે છે, એમ નયાતીતમાં જ શ્રેણી આવે છે. નયથી જ્યાં સમ્યગ્દર્શન ન થાય ત્યાં નયથી ચારિત્ર તો કેમ આવે? તેથી જ્ઞાનીઓ પણ ઠરી જાય છે. કોઈકને જ સમજાવવાનો કે લખવાનો વિકલ્પ ઉઠે છે. સમર્થ આચાર્યોને પણ સમજાવવા માટે નયનો પ્રયોગ કરવો પડે છે. જે એમને પણ ખટકે છે. કેમકે નયથી સ્વભાવ પ્રસિદ્ધ જ થતો નથી. પરંતુ જ્ઞાનથી સ્વભાવ પ્રસિદ્ધ થાય છે. ખરેખર બીજાને સમજાવવા માટે નયનો પ્રયોગ કરવો પડે છે. તેથી શ્રી પૂજ્યપાદસ્વામીએ કહ્યું કે બીજાને સમજાવવું એ પાગલપણું છે. સમજાવવું અને સાંભળવું બન્ને પાગલપણું છે.

**નયના પ્રયોગમાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. સ્વભાવની સમીપે જાય છે, તો વિકલ્પ ઉઠતા જ નથી.**

નિશ્ચયનય માત્ર તારા સ્વભાવ તરફ ઇશારો કરે છે કે આવું તારું સ્વરૂપ છે. પછી એ નયને તું છોડી દે અને સ્વભાવમાં ચાલ્યો જા -

**દૃષ્ટાંતઃ-** બીજનો ચાંદ ઉગે છે એ કોઈને દેખાય છે અને કોઈને દેખાતો નથી. હવે જે ચાંદને દેખવાવાળો છે એ બીજાને ચાંદ દેખાડવા ઝાડના માધ્યમ દ્વારા પ્રયત્ન કરે છે. આ જે ઝાડ છે ને, એની આ જે પેલી છેલ્લી ડાળી દેખાય છે ને... ઉપરની છેલ્લી એને તું જો અને પછી એની લાઇનમાં જ સીધું ઉપર જો તો તને ચાંદ દેખાશે. હવે પેલો તો ડાળીને જ વળગી પડયો (અને) કહે છે મને ચાંદ દેખાતો નથી. અરે! તને મેં ડાળી દ્વારા, ડાળીને છોડીને, ચાંદને જોવાનું કહ્યું હતું. તું તો ડાળીને જ વળગી પડયો તો ચાંદ કેમ દેખાશે? એને ચાંદ ન જ દેખાય. એમ નય દ્વારા સ્વભાવનું અનુમાન માત્ર કરાવે છે, તો એ તો નયને જ વળગી પડયો કે - 'હું નિશ્ચયનયે અકર્તા છું - હું નિશ્ચયનયે જ્ઞાતા છું - નિશ્ચયનયે જ્ઞાન આત્માને જાણે છે'. નય તો ડાળી છે. જે અહીં તહીં જોતો હતો એને દિશાસૂચન કરવા ડાળી દ્વારા ચાંદને જોવાનું કહ્યું.

વ્યવહારનય દ્વારા તો અનુમાન થતું જ નથી - એની તો દિશા જ વિપરીત છે. તેથી પ્રથમ નિશ્ચયનય દ્વારા સ્વભાવનું અનુમાન કરાવે છે કે તું નિશ્ચયનયે અકર્તા જ છો. પછી નિશ્ચયનયને છોડી દે. **'હું તો સ્વભાવથી જ અકર્તા છું' તો અકર્તાનો વિકલ્પ છૂટી જાય છે અને અનુભવ થાય છે.**

નિશ્ચયનયથી જ્ઞાન આત્માને જાણે છે. એટલે જ્ઞાન પરને જાણતું નથી. આ રીતે નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે. એ વિધિ-નિષેધ નયમાં છે. પરંતુ **સ્વભાવથી જ જ્ઞાન આત્માને જાણી રહ્યું છે. એમાં વિધિ-નિષેધના વિકલ્પ બન્ને એક સાથે જાય છે.** અનંતાનુબંધીના રાગ-દ્વેષ - વિધિનો રાગ અને નિષધેનો દ્વેષ, બન્ને ગળતા ગળતા ટળી જાય છે અને સ્વભાવમાં આવી જાય છે.

**સ્વભાવથી સ્વીકારે એની જાત જ જુદા પ્રકારની છે. સ્વભાવથી સ્વીકારે એનું નામ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.** સ્વભાવને સ્વીકારતા તારી વિચાર કોટિ બદલી જશે. નયથી વિચારતો હતો તે હવે સ્વભાવથી વિચારતો થઈ જઈશ -

* આત્મા શુધ્ધ છે. કઈ નયથી? આત્મા સ્વભાવથી જ શુધ્ધ છે.

* આત્મા મુક્ત છે. કઈ નયથી? આત્મા સ્વભાવથી જ મુક્ત છે.

* આત્મા પરિપૂર્ણ છે. કઈ નયથી? આત્મા સ્વભાવથી જ પરિપૂર્ણ છે.

**સ્વભાવની સિધ્ધિ માટે નય નથી. સ્વભાવથી જ સ્વભાવની સિધ્ધિ થાય છે. નયથી સ્વભાવની સિધ્ધિ ન થાય. નયથી તો સ્વભાવનું માત્ર અનુમાન થાય, પણ અનુભવ ન થાય.**

દ્રવ્યલિંગી મુનિ અહીં ભૂલ્યો, અહીં રોકાણો. એને એમ સાચું લાગ્યું કે હું તો નિશ્ચયનયે શુધ્ધ છું - અકર્તા છું. જેવો સ્વભાવ છે, એવા જ સ્વભાવને હું નિશ્ચયનય વડે જાણું છું, માનું છું. આ દ્રવ્યલિંગીની સૂક્ષ્મ ભૂલ છે. અને અનુભવી ભૂલને ભાંગી નાખે છે. જ્યારે દ્રવ્યલિંગી ભૂલને ભાંગી શકતો નથી. કેમ કે એ નયના સહારે સ્વભાવનો વિચાર કરે છે, નયની મદદ લે છે. સાપેક્ષ સ્વરૂપ લક્ષમાં લે છે પરંતુ **સ્વરૂપ નિરપેક્ષ છે**. સ્વરૂપને કોઈના સહારાની જરૂરત નથી. આત્મા બંધ અને મોક્ષના ભાવથી રહિત છે, - તે આ.

**નયથી બંધ-મોક્ષની સિધ્ધિ થાય છે. જ્યારે સ્વભાવથી બંધ-મોક્ષની સિધ્ધિ જ થતી નથી. હું તો સ્વભાવથી જ અનાદિ-અનંત મુક્ત છું.**

આત્મા કર્તા છે એ એક પક્ષ છે. આત્મા અકર્તા છે એ બીજો પક્ષ છે. ચિત્સ્વરૂપ જીવ વિષે નયોના આ બે પક્ષપાત છે. ખરેખર તો તત્ત્વવેદી એમ જાણે છે કે ચિત્સ્વરૂપ જીવ તો ચિત્સ્વરૂપ જ છે. વ્યવહારનયનો નિષેધ તો પહેલેથી કરતા આવ્યા છીએ. આ તો

નિશ્ચયનયના નિષેધનો કાળ આવ્યો છે.

આત્મા નિશ્ચયનયે શુધ્ધ છે, અકર્તા છે, અબધ્ધ છે - એમ નથી. આત્મા તો **સ્વભાવથી જ શુધ્ધ છે, અકર્તા છે, અબધ્ધ છે**. જો નિશ્ચયનયે અબધ્ધ લેશો, તો વ્યવહારનયે બંધાયેલો સિધ્ધ થઈ જશે. અરે! હું આત્મા સ્વભાવથી જ મુક્ત છું. બંધાણો જ નથી ને.

વ્યવહારનયના તો પડખે જ ચડવા જેવું નથી કેમ કે એ તો અન્યથા કથન કરે છે. જ્યારે નિશ્ચયનય સ્વરૂપનું અનુમાન તો કરાવે છે, પણ એની મર્યાદા સમજી લે. એ નિશ્ચયનયના પક્ષનો પણ નિષેધ કર. સ્વભાવની સન્મુખ જઈને નિશ્ચયનયના વિકલ્પને તોડી નાખ, નિષેધ કર. ખરેખર તો સ્વભાવની સમીપે જતાં નિશ્ચયનયના વિકલ્પ ઉદિત જ થતા નથી, એ જ એનો નિષેધ છે.

**જેમ નિશ્ચયનયમાં આવતાં વ્યવહારનયના વિકલ્પ છૂટી જાય છે, એમ સ્વભાવમાં આવતાં નિશ્ચયનયના વિકલ્પ છૂટે છે.** જેને આ સ્વભાવનો પક્ષ આવે છે એ હવે નિશ્ચયનયના પક્ષનો - કથનનો નિષેધ કરે છે. નિશ્ચયનયથી વ્યવહારનયનો નિષેધ અને સ્વભાવથી નિશ્ચયનયનો નિષેધ! નય તો 'સ્વભાવ'માં આવતા નથી, બહાર રહી જાય છે. **સ્વભાવમાં તો નય નથી પણ સ્વભાવિક જ્ઞાન અને દૃષ્ટિમાં પણ નય નથી. જ્ઞાયકમાં તો નય ન જ હોય પણ જ્ઞાનમાં પણ નય ન હોય.** કેમકે અતીન્દ્રિયજ્ઞાન અભેદથી પોતે જ્ઞાયક જ છે ને! તેથી એમાં નય નથી. આહાહા... બીજી રીતે કહીએ તો અજ્ઞાનમાં નય છે. (એટલે કે જ્યાં સુધી નયના વિકલ્પ છે, ત્યાં સુધી અજ્ઞાન છે. કારણ કે ત્યાં સુધી વિકલ્પની સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ રહે છે.)

જ્ઞાયક સ્વભાવ નયોથી પાર છે. અરે! આ આપ શું કહો છો? નય તો જ્ઞાનમાં હોય અને જ્ઞાનથી જ્ઞાયકનો અનુભવ થાય છે. (આ અભ્યાસી જીજ્ઞાસુની દલીલ છે.)

(તેની સામે જ્ઞાની જણાવે છે) પ્રભુ! જ્ઞાનમાં નય જ ન હોય. જ્ઞાયકમાં તો નય નથી જ પરંતુ જ્ઞાનમાં પણ નય ન હોય.

સ્વભાવથી વાત આવે એમાં એકલો સ્વભાવ જ દેખાય, બીજું કાંઈ ન દેખાય. નયથી સ્વભાવ વિચારવો અને સ્વભાવથી સ્વભાવ વિચારવો, એ વિચાર કોટિમાં પણ મોટો ફેર છે. સ્વભાવ પોતાનો વિશ્વાસ અને જ્ઞાનનું વજન ખમી શકે છે. પરંતુ નય એ વજન ખમી શકતી નથી, કેમ કે નય સાપેક્ષ છે.

દ્રવ્યલિંગીની આ જ ભૂલ છે. એ દ્રવ્યની નિરપેક્ષતામાં આવી શકતો નથી તેમ જ પર્યાયની નિરપેક્ષતામાં પણ આવી શકતો નથી. એ દ્રવ્યને પણ સાપેક્ષ જુએ છે અને પર્યાયને પણ સાપેક્ષ જુએ છે.

જ્ઞાન નિશ્ચયનયથી આત્માને જાણે છે એ પણ એક જાતની સાપેક્ષતા જ છે. **જ્ઞાન સ્વભાવથી જ આત્માને જાણે છે. સ્વભાવ કહેતા નિરપેક્ષતા જ આવે છે. સંસારનો થાક ઉતરી જાય એવી વાત છે. આ રહસ્ય ખ્યાલમાં આવતાં અલ્પકાળમાં મુક્તિ થાય.**

નિશ્ચયનયે શુદ્ધ કહેતા, કોઈ નયે અશુદ્ધ છે એમ આવી જશે. નિશ્ચયનયે નિત્ય કહેતા, કોઈ નયે અનિત્ય છે એમ આવી જશે. કેમકે નય સાપેક્ષ હોય છે. અને સ્વભાવ તો નિરપેક્ષ છે.

**નય સ્વભાવથી જ સાપેક્ષ હોય છે અને સ્વભાવ સ્વભાવથી જ અત્યંત નિરપેક્ષ હોય છે. વ્યવહારનય નિશ્ચયનયના દ્વારા નિષેધ્ય છે અને નિશ્ચયનય સ્વભાવના દ્વારા નિષેધ્ય છે.**

'નય' છે એ નિર્ણય કરવા માટે છે. અપૂર્વ નિર્ણય આવે છે - પરોક્ષ અનુભૂતિ થાય છે પણ એમાં આનંદ નથી. જ્ઞાન છે એ અનુભવ માટે છે. પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે - એમાં આનંદ આવે છે.

વ્યવહારદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ અને નિશ્ચયદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એમ આવે છે. (પણ) 'નિરપેક્ષ દૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' બસ! નિરપેક્ષતામાં બે નયપક્ષ ઉભા જ ન થાય. અહીં નયાતીત થવાની વાત છે.

**નિશ્ચયનયથી એક જ ધર્મ ખ્યાલમાં આવે છે અને સ્વભાવની સમીપ જઈને જુએ છે તો આખો સ્વભાવ ખ્યાલમાં આવે છે. પરિપૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ સ્વભાવદૃષ્ટિમાં થાય છે.** નય દૃષ્ટિથી માત્ર એક જ ધર્મની સિદ્ધિ થાય છે, તેથી બીજા ધર્મોને જાણવાની આકુળતા ઉત્પન્ન થાય છે. નયમાં વિકલ્પની ઉત્પત્તિ થાય છે એનું કારણ જ એ છે કે નયનો ધર્મ એક એક ધર્મને જાણવાનો છે. જ્યારે સ્વભાવની સમીપ જઈને જુએ છે તો આખો સ્વભાવ જણાય છે. અને કંઈપણ જાણવું બાકી નહિ રહેતું હોવાથી નયપક્ષના વિકલ્પ ઉત્પન્ન જ થતા નથી. વિષયનો પ્રતિબંધ છૂટી જાય છે અને અનુભવ થઈ જાય છે. ત્યારે ધ્યેયપૂર્વક આખો સામાન્ય-વિશેષાત્મક આત્મા જ્ઞાનનું જ્ઞેય થાય છે. માટે સ્વભાવની દૃષ્ટિ થતા જ પક્ષાતિક્રાંત થવાય છે. પરંતુ નિશ્ચયનયથી પક્ષાતિક્રાંત થવાતું નથી.

જે આત્મા સ્વભાવથી જ શુદ્ધ છે એને કોઈ નય દ્વારા શુદ્ધ કહેવો એ બરાબર નથી. આત્મા નિશ્ચયનયથી શુદ્ધ છે, એ કથન સાચું છે પણ એમાં અનુભવ નથી. પરંતુ એ કથન દ્વારા સ્વભાવનું માત્ર અનુમાન જ થઇ શકે છે.

આત્મા નિશ્ચયનયે શુદ્ધ છે એમ નહિ, પણ સ્વભાવથી જ શુદ્ધ છે. સીધા સ્વભાવને જ જુઓ તો જે નયના માધ્યમ દ્વારા વિકલ્પ આવતા હતા, એ વિકલ્પ છૂટી જશે. સ્વભાવથી વિચારતા વચ્ચે જે નય આવતી હતી એ નીકળી જશે, **એકલું જ્ઞાન રહી જશે અને અનુભવ થઇ જશે**. સ્વભાવથી સ્વભાવ વિચારો (અને) નયના માધ્યમને - વિકલ્પને રહેવા દો.

**'હું સ્વભાવથી જ શુદ્ધ છું' - એમાં વ્યવહારનયે અશુદ્ધ છું, એ દોષ છૂટી જાય છે અને નિશ્ચયનયે શુદ્ધ છું એ વિકલ્પ છૂટી જાય છે.**

નય છે એ વિકલ્પ છે. જેમ રાગથી અનુભવ ન થાય એમ નયથી પણ અનુભવ ન થાય. નયનો વિકલ્પ છે ત્યાં સુધી અનુભવ ન થાય. કારણ કે આડકતરી રીતે રાગની સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ ચાલુ જ રહે છે.

# 'પર્યાય સ્વભાવ'

**સિધ્ધાંત:-** વસ્તુ કદી પણ પોતાના સ્વભાવને છોડે નહિ.

વસ્તુના બે વિભાગ.

૧. **દ્રવ્ય સ્વભાવ:-** નિષ્ક્રિય સ્વરૂપ પોતાના અનાદિ-અનંત અકર્તા સ્વભાવને છોડે નહી અને કદી પણ કર્તા થાય નહિ.

૨. **પર્યાય સ્વભાવ:-** પર્યાય પણ એક વસ્તુ છે. સત્ અહેતુક છે. પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે. અનાદિ-અનંત તે પોતાના ક્રિયાના કારકને છોડે નહિ. પર્યાયમાં ક્રિયા - (સામાન્ય ઉત્પાદ-વ્યયરૂપ ક્રિયા, પરાશ્રિત કે સ્વાશ્રિત એવો ભેદ હમણાં ન પાડવો) - સમયે સમયે થયા જ કરે છે, એ એનો સ્વભાવ જ છે.

થતી ક્રિયાને હું કરું એ અજ્ઞાન. થતી ક્રિયાને હું રોકું એ પણ અજ્ઞાન. પર્યાયમાં કર્તા-ભોક્તા ધર્મ સ્વભાવથી જ છે. પર્યાય કરે છે અને ભોગવે છે એ એનો સ્વભાવ જ છે. કયા નયે પર્યાયને કરે છે અને ભોગવે છે એમ નહિ. બસ સ્વભાવથી જ એમાં કર્તા-ભોક્તાપણું છે.

* અજ્ઞાન દશામાં રાગને કરે છે અને દુ:ખને ભોગવે છે.

* સાધક દશામાં, વીતરાગતા અને રાગને કરે છે, આનંદ અને દુ:ખને ભોગવે છે.

* સાધ્યદશામાં પૂર્ણ વીતરાગતાને કરે છે અને પૂર્ણ આનંદને

ભોગવે છે.

આમ પર્યાય પોતાના કર્તા-ભોક્તા ધર્મને કદીપણ છોડતી નથી.

પર્યાયના આવા સ્વભાવને જાણવાનો નિષેધ નથી, પણ એમાં હુંપણાનો નિષેધ છે.

હું તો જ્ઞાયક છું. સ્વભાવથી જ અકારક અને અવેદક છું. હુંપણું અહીં આવ્યું તો, દ્રવ્ય સ્વભાવને જાણતાં જાણતાં, પર્યાયના કર્તા-ભોક્તા ધર્મો જેમ છે એમ જણાઈ જાય છે.

આત્મા વ્યવહારથી કર્તા-ભોક્તા નથી. એ તો પર્યાય સ્વભાવ જ છે. કર્તા-ભોક્તા ધર્મો પર્યાયમાં સ્વભાવથી જ છે. ધર્મી તો માત્ર પર્યાયના ધર્મોને જાણે છે. વ્યવહારનયે પણ હું કર્તા-ભોક્તા નથી. એ તો પર્યાયમાં સ્વભાવથી જ કર્તા-ભોક્તા ધર્મ છે.

આત્મા વ્યવહારનયે કર્તા-ભોક્તા છે - એમ ન લે અને પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે - એમ પણ ન લે! **પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે એમ જાણ! કોઈ જ નયપક્ષ ઊભો નહિ થાય.**

પર્યાય જણાય એ પણ સ્વભાવિક છે. એવી જ કોઈ સ્વભાવિક સ્વચ્છતા છે. એના જાણપણાનો (જણાવાપણાનો) નિષેધ નથી. પ્રથમ નિષેધ કરાવ્યો કેમ કે પર્યાયમાં જ આત્મબુદ્ધિ હતી. હવે તો આત્માને જાણતા જાણતા પર્યાય એના ધર્મો સહિત જેમ છે એમ જણાય છે.

**પ્રશ્ન:-** આત્મા રાગને કયા નયે કરે છે?

**ઉત્તર:-** અરે! એમ નથી. એ તો એ સમયની પર્યાયની પોતાની

યોગ્યતા (સ્વભાવ) છે. એ પર્યાયનો વિભાવ સ્વભાવ છે તો રાગ થયો. પર્યાય સ્વભાવથી થયો છે.

અરે! ત્યાં તો નયના વિકલ્પથી જ્ઞાન છૂટી ગયું! એકલો 'જ્ઞાતા' થઈ ગયો. નયના વિકલ્પથી છૂટી એકલું જ્ઞાન રહી ગયું -

સ્વભાવને જાણવામાં નયની જરૂરત નથી, પરંતુ નયાતીત જ્ઞાનની જરૂરત છે.

**"બન્ને સ્વભાવને જાણતાં જાણતાં મોક્ષ થાય"**

૧. નિશ્ચયનયથી નિરપેક્ષ દ્રવ્યનો સ્વભાવ.

૨. વ્યવહારનયથી નિરપેક્ષ પર્યાયનો સ્વભાવ.

બન્ને નયોના વિકલ્પોને ઓળંગી ગયો તો સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો!

પર્યાય પર્યાયથી થાય એમ હું જાણું પણ પર્યાય મારાથી થાય એમ હું ન જાણું કેમ કે પર્યાય સ્વભાવથી જ પરિણમી રહી છે. કારણ કે પર્યાય સત્ છે. પર્યાયને વ્યવહારે જાણું પણ પર્યાયને વ્યવહારે કરું નહિ.

*** સ્વભાવથી સમજતાં વિકલ્પ છૂટી જાય છે.**

*** નયથી સમજતાં વિકલ્પ રહી જાય છે.**

જ્ઞાનને સ્વભાવ તરફ લઈ જાઓ તો વિકલ્પ નહિ ઉઠે. સ્વભાવમાં અપેક્ષા લગાડશો તો વિકલ્પ ઉઠશે, સ્વભાવ હાથમાં નહિ આવે.

પર્યાય સ્વભાવથી જ ક્રિયાવંત છે તો આત્મા ઉપચારથી પર્યાયને કરે, એ ક્યાં આવ્યું? તો દૃષ્ટિ સીધી અકર્તા સ્વભાવ ઉપર ગઈ તો કર્તાધર્મનો પણ જ્ઞાતા થઈ ગયો.

*** ક્રિયા ન કરવી એ દ્રવ્યનો સ્વભાવ.**

*** ક્રિયા કરવી એ પર્યાયનો સ્વભાવ.**

*** બન્નેને જાણવું એ જ્ઞાનનો (જ્ઞાતાનો) સ્વભાવ.**

**પર્યાયને સ્વભાવથી જુઓ તો વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર નીકળી જશે. ઉપચારને ઓળંગે તો અનુભવ થાય.**

૧. 'આત્મા સ્વભાવથી જ અકર્તા છે' - અહીં નિશ્ચયનયે આત્મા અકર્તા છે એનો નિષેધ થયો.

૨. 'પર્યાય સ્વભાવથી જ કર્તા છે' - અહીં વ્યવહારનયે આત્મા કર્તા છે એનો નિષેધ થયો.

- બન્ને નય ઓળંગી ગયો. સાક્ષાત્ જ્ઞાતા થઈ ગયો - બસ સ્વભાવમાં આવી ગયો. દ્રવ્ય સ્વભાવમાં બેઠો બેઠો પર્યાય સ્વભાવને જાણી લે છે.

દ્રવ્ય સ્વભાવને નિશ્ચયનયે નક્કી કરવા ગયો તો સ્વભાવ દૂર રહી ગયો. દ્રવ્ય સ્વભાવને સ્વભાવથી જ જ્યાં નક્કી કર્યો તો નિશ્ચયનય દૂર થઈ ગઈ.

આત્માને વ્યવહારથી કર્તા કહ્યો તો પર્યાય સ્વભાવ ખ્યાલમાં ન આવ્યો અને પર્યાય સ્વભાવ ખ્યાલમાં આવ્યો તો ઉપચાર ઓળંગી ગયો.

આહાહા... કર્તાપણાનો ઉપચાર જ્યાં ગયો ત્યાં 'સાક્ષાત્ જ્ઞાતા' થયો.

આ આત્મા સ્વભાવથી જ અકારક-અવેદક છે. એને સમજાવવા માટે નયથી સમજાવે છે પણ નયથી સમજતાં વિકલ્પની ઉત્પત્તિ થાય છે. આત્મા સુધી ઉપયોગ પહોંચી શકતો નથી, જ્ઞાન લંબાઈને આત્માથી અભેદ થઈ અનુભવ થવો જોઈએ, પરંતુ નયના વિકલ્પો અનુભવમાં બાધક થાય છે. જીવ પક્ષાતિક્રાંત થઈ શકતો નથી, વ્યવહારનય તો અન્યથા કથન કરે છે, પણ નિશ્ચયનય તો સાચું કથન કરે છે. જેવો આત્મા છે એવું કથન કરે છે. માટે એ નય દ્વારા નિર્ણય થાય પણ સ્વભાવથી દૂર રહીને સ્વભાવ બતાવે છે. એ નય સ્વભાવથી તન્મય નથી થતી. નય વિકલ્પાત્મક છે. માત્ર અંગુલિ નિર્દેશ કરે પણ ત્યાં સુધી પહોંચવા છતાં પણ અનુભવ ન થાય.

**પ્રશ્ન:-** તો પછી એ નયના વિકલ્પ કેમ છૂટે?

**ઉત્તર:-** નયનું અવલંબન લઈને જે નિર્ણય થયો હતો એ નયને છોડીને તમે સ્વભાવ તરફ ચાલ્યા જાઓ.

**આત્મા નિશ્ચયનયથી અકર્તા નથી, સ્વભાવથી જ અકર્તા છે.**

**આત્મા નિશ્ચયનયથી શુધ્ધ નથી, સ્વભાવથી જ શુધ્ધ છે.** અનાદિ-અનંત સ્વભાવથી જ મુક્ત છે, પરિપૂર્ણ છે.

**આમ સ્વભાવના આશ્રયથી નયોના વિકલ્પ છૂટી સીધો અનુભવ થઈ શકે છે. નયાતિક્રાંત થવાની આ વિધિ છે.**

જેમકે અગ્નિ ઉષ્ણ છે. કઈ નયે? અરે! સ્વભાવથી જ અગ્નિ ઉષ્ણ છે. એને કહેવા કોઈ નયની અપેક્ષા નથી, આમ તમે નયોના વિકલ્પોને ઓળંગી એકદમ સ્વભાવની સન્મુખ થાઓ તો વિકલ્પ છૂટી અનુભવ થાય.

ગઇકાલે દ્રવ્યવસ્ભાવને પ્રસિદ્ધ કરનારી નિશ્ચયનયના વિકલ્પોને દ્રવ્ય સ્વભાવની મુખ્યતાથી ઓળંગી જવાની વાત કરી હતી...

આજે બીજું પડખું વ્યવહારનયનું છે.

પર્યાયો સ્વભાવથી જ ક્રિયાવંત છે. ક્રિયાના કારક સ્વભાવથી જ પર્યાયમાં છે. ત્યાં હવે તમે કહો કે આત્મા વ્યવહારનયે પર્યાયને કરે છે તો એ વાત બરાબર નથી. પર્યાય સ્વભાવથી જ એના કારકથી પરિણમે છે. એને વ્યવહારથી આત્મા કર્તા છે એવો જે ઉપચાર આવતો હતો એને ઓળંગી પર્યાયને પર્યાયના સ્વભાવથી જુઓ.

પર્યાયને નયથી ન જુઓ. અરે! પર્યાયનો કર્તા પર્યાય નિશ્ચયનયે છે એમ પણ ન જુઓ. કેમ? એમાં શું દોષ આવે છે? - અરે! એનો પ્રતિપક્ષ ઊભો થાય છે. આત્મા વ્યવહારનયે પર્યાયને કરે છે એ મોટો દોષ આવી પડે છે. આ ખૂબ ભયંકર દોષ છે!

પર્યાયમાં ક્રિયા થયા જ કરે છે, પર્યાયનો સ્વભાવ જ કર્તાપણું છે. જેમ દ્રવ્યનો સ્વભાવ અકર્તાપણું છે. એ કઈ નયથી અકર્તાપણું છે? એમ નહિ. સ્વભાવથી જ અકર્તા છે. એમ પર્યાય કઈ નયથી કર્તા છે? એમ નહિ. સ્વભાવથી જ કર્તા છે.

સ્વભાવથી જ પર્યાયમાં ક્રિયા થયા કરે છે. અવિરતપણે થયા કરે છે. એને રોકી ન શકાય, વિકારી કે અવિકારી એમ ન લેવું, સામાન્ય ક્રિયા, ઉત્પાદ-વ્યય. પર્યાય પોતાના સ્વભાવથી જ પરિણમે છે. એમ **પર્યાયને પર્યાયના સ્વભાવથી જોતાં, આત્મા વ્યવહારથી પર્યાયને કરે છે, એ કર્તાપણાનો ઉપચાર નીકળી જાય છે.**

જેમ કે જ્ઞાનની પર્યાય સમયે-સમયે પ્રગટે છે. તો આત્મા કઈ નયે જ્ઞાનની પર્યાયને કરે છે? તો કહે છે કે વ્યવહારનયે આત્મા જ્ઞાનની પર્યાયનો કર્તા છે, નિશ્ચયનયે તો આત્મા જ્ઞાનની પર્યાયનો પણ અકર્તા જ છે.

હવે આ જે વ્યવહારનયે કર્તાપણાનો ઉપચાર આવે છે એને ઓળંગી જાઓ કે પર્યાયમાં તો કાર્ય **પર્યાયના સ્વભાવથી** જ થાય છે - તો અરે! વ્યવહારનયે આત્મા કર્તા છે એ ઉપચાર ખોટો થયો તો જે નયોના વિકલ્પ ઉઠતા હતા તે છૂટી અંદરમાં ચાલ્યો ગયો. ત્યારે પર્યાયના સ્વભાવનો પણ જ્ઞાતા થઈ જાય છે. દ્રવ્ય સ્વભાવનો જ્ઞાતા અને પર્યાય સ્વભાવનો પણ જ્ઞાતા - વચ્ચે જે નયોના વિકલ્પ ઉઠતા હતા - નિશ્ચયનયના-વ્યવહારનયના એ છૂટી **એકલું જ્ઞાન રહ્યું - એ એકલા જ્ઞાનમાં આનંદ આવે છે**.

## પરિણામનો કર્તા પરિણામ છે એ સ્વભાવથી જ છે.

નિશ્ચયનયે પર્યાય પર્યાયને કરે છે એમ પણ ન લેવું. જો નિશ્ચયનયે પર્યાયનો કર્તા પર્યાય છે એમ લેશો તો વ્યવહારનયે આત્મા પર્યાયનો કર્તા છે એવો ઉપચારનો દોષ આવી જશે.

માટે પર્યાયનો કર્તા પર્યાય સ્વભાવથી જ છે. નિશ્ચયનયે પર્યાય

પર્યાયને કરે છે એમ પણ ન લેવું. **કોઈ નયથી સ્વરૂપની પ્રાપ્તિ નથી... જ્ઞાનથી સ્વરૂપની પ્રાપ્તિ છે. સ્વભાવથી સ્વભાવની પ્રાપ્તિ છે.**

પર્યાયને એના સ્વભાવથી જોતાં એની કરવાની બુદ્ધિ છૂટી જાય છે અને કરવાનો ઉપચાર પણ છૂટી જાય છે.

કાર્ય સ્વયં થતું હોય એમાં બીજો કરે એવા ઉપચારનો અવકાશ જ ક્યાં છે? બસ સ્વયંથી થાય છે. આત્મા જ્ઞાતા થઈ જાય છે.

નયના વિકલ્પોમાં એ વિકલ્પનો કર્તા બની જાય છે, રાગનો કર્તા બની જાય છે. એને ખબર જ નથી પડતી. જો વિકલ્પ છૂટે તો જ્ઞાન પ્રગટ થાય, તો જ્ઞાનનો કર્તા બને. જ્ઞાતા થઈ જાય છે - આ રહસ્ય છે.

## શ્રી સમયસાર શ્લોક ૯૫

**શ્લોકાર્થ:-** [विकल्पक: परं कर्ता] વિકલ્પ કરનાર જ કેવળ કર્તા છે અને [विकल्प: केवलम् कर्म] વિકલ્પ જ કેવળ કર્મ છે; (બીજા કોઈ કર્તા-કર્મ નથી;) [सविकल्पस्य] જે જીવ વિકલ્પ સહિત છે તેનું [कर्तृकर्मत्वं] કર્તાકર્મપણું [जातु] કદી [नश्यति न] નાશ પામતું નથી.

**ભાવાર્થ:-** જ્યાં સુધી વિકલ્પભાવ છે ત્યાં સુધી કર્તાકર્મભાવ છે; જ્યારે વિકલ્પનો અભાવ થાય ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થાય છે. **૯૫.**

નયથી વસ્તુની સિદ્ધિ કરે છે તો વિકલ્પોનો કર્તા બને છે. નયોથી ભિન્ન **સ્વભાવથી** વસ્તુને સિદ્ધ કરો તો નયના વિકલ્પ રહિત જ્ઞાન પ્રગટ થાય છે, જે દ્રવ્ય સ્વભાવને તો જાણે છે પણ પર્યાય સ્વભાવ પણ

જેમ છે તેમ એમાં જણાઈ જાય છે. જ્ઞાન વિકલ્પ વિનાનું **'મધ્યસ્થ'** થયું. વિકલ્પમાં પક્ષપાત હતો એટલે કે રાગ-દ્વેષ હતા, ક્રમે-ક્રમે જાણતો હતો. **નયોથી છૂટું પડેલું જ્ઞાન દ્રવ્ય-પર્યાયના સ્વભાવને અક્રમે જાણે છે. બન્ને નયોનો જ્ઞાતા છે, કોઈ નયપક્ષ ગ્રહણ કરતો નથી.**

દ્રવ્યથી પર્યાય ન થાય, પર્યાયના સ્વભાવથી પર્યાય થાય છે. ઉત્પાદ-વ્યય સમયે-સમયે થયા જ કરે છે. આ બે સ્વભાવની વાત છેલ્લી છે. જેનો મર્મ પામતાં પક્ષાતિક્રાંત થઈ અનુભવ થાય છે; સાક્ષાત્ જ્ઞાતા થાય છે.

## સમયસાર ગાથા ૧૪૩

પક્ષાતિક્રાંતનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છે:-

**નયદ્વય કથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબધ્ધ જે,**
**નયપક્ષ કાંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

**ગાથાર્થ:-** [नयपक्षपरीहिनः] નય પક્ષથી રહિત જીવ, [समयप्रतिबद्धः] સમયથી પ્રતિબધ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), [द्वयोः अपि] બન્ને [नययोः] નયોના [भणितं] કથનને [केवलं तु] કેવળ [जानाति] જાણે જ છે [तु] પરંતુ [नय पक्षं] નયપક્ષને [किञ्चित् अपि] જરા પણ [न गृह्यति] ગ્રહણ કરતો નથી.

# 'द्रव्य स्वभाव'

एक द्रव्य स्वभाव और एक पर्याय स्वभाव, दोनों स्वभाव से ही जैसे हैं वैसे हैं। द्रव्य स्वभाव खुद के अपने स्वभाव से ही अनादि-अनंत जैसा है वैसा है। और ज्ञान की पर्याय का स्वभाव अनादि-अनंत जैसा है वैसा है।

शास्त्र में अनेक प्रकार के कथन आयेंगे। जैसे कि आत्मा अशुद्ध निश्चयनय से राग का कर्ता है और निश्चयनय से वीतरागभाव का कर्ता है। भाई! ये सभी व्यवहारनय के कथन हैं, उनको उलंघ जा - आत्मा राग को नहीं करता और वीतरागभाव को भी नहीं करता। आत्मा तो स्वभाव से ही अनादि-अनंत अकारक-अवेदक है।

आत्मा अकारक-अवेदक है, तो वह किस नय से है?

अरे! स्वभाव का अनुभव करने के लिए नय की अपेक्षा मत लगाओ, बंद कर दो। व्यवहारनय से आत्मा परिणाम का कर्ता है और निश्चयनय से आत्मा परिणाम का अकर्ता है। अरे! आत्मा निश्चयनय से अकर्ता है या स्वभाव से ही अकर्ता है?

**न्याय:-** यदि निश्चयनय से आत्मा अकर्ता है ऐसा तुम लक्ष में लोगे, तो आत्मा व्यवहारनय से कर्ता है, वह शल्य आये बिना रहेगा ही नहीं। इसलिये नय से विचार ही मत करो, वस्तु नयातीत है। द्रव्य स्वभाव नय से ख्याल में नहीं आता। अनुभव में नहीं आता। क्योंकि किसी नय से अकर्ता है - ऐसा नहीं है, स्वभाव से ही अकर्ता है।

यह तो जो बिल्कुल अनजान शिष्य है, जिसे आत्मा त्रिकाल अकर्ता

होने पर भी कर्ताबुद्धि हो गई है, उसे व्यवहारनय और निश्चयनय से समझाते हैं। परंतु अब इस समय ऐसा काल आया है कि आत्मा निश्चयनय से अकर्ता है - ऐसा छोड़ दो। क्योंकि - यदि निश्चयनय से आत्मा अकर्ता है ऐसा तुम लोगे तो दूसरा प्रतिपक्ष नय तुम्हारे ज्ञान में खड़ा होगा और मिथ्यात्व रहेगा। परंतु स्वभाव से देखो तो किसी नय की अपेक्षा ही नहीं है।

जैसे कि अग्नि उष्ण है। किस नय से? अरे! स्वभाव से ही उष्ण है। पानी शीतल है। किस नय से? अरे! स्वभाव से ही शीतल है। यदि निश्चयनय से शीतल है ऐसा तुम लोगे तो व्यवहारनय से उष्ण है ऐसा आ जायेगा।

निश्चयनय तो मात्र स्वभाव का इशारा करता है। निश्चयनय को चिपक जाओगे तो स्वभाव दृष्टि में नहीं आयेगा। निश्चयनय से देखो तो ऐसा तेरा स्वभाव है, इसप्रकार नय मात्र स्वभाव का इशारा करता है। परंतु निश्चयनय की पहुँच स्वभाव तक नहीं है क्योंकि वस्तु नयातीत है। अकारक-अवेदक वस्तु का स्वभाव है। **स्वभाव, नय से सिद्ध नहीं होता। स्वभाव, स्वभाव से ही सिद्ध होता है।**

आत्मा पर्याय मात्र से भिन्न है, इसलिए उसे अनादि-अनंत कर्तापना लागू ही नहीं पड़ता। आत्मा बंध का भी कर्ता नहीं है, और मोक्ष का भी कर्ता नहीं है। किस नय से? अरे! स्वभाव से ही वह तो अकर्ता है। कोई नय लागू नहीं पड़ती। यह द्रव्य स्वभाव की बात हुई।

# ज्ञान की पर्याय का स्वभाव

आत्मा ज्ञाता है। किस नय से?

अरे! स्वभाव से ही ज्ञाता है। व्यवहारनय से ज्ञान पर को जानता है और निश्चयनय से ज्ञान आत्मा को जानता है - ऐसा नहीं है। अनादि-अनंत ज्ञान की पर्याय आत्मा को जाननेरूप ही परिणमती है। वह ज्ञान आत्मा को ही प्रसिद्ध करता है।

किस नय से ज्ञान में आत्मा जानने में आता है और किस नय से जानने में  नहीं आता? व्यवहारनय से जानने में नहीं आता और निश्चयनय से जानने में आता है - ऐसा नहीं है। **ज्ञान आत्मा को स्वभाव से ही अनादि-अनंत प्रसिद्ध करता है।** उसे नय की अपेक्षा ही नहीं है। स्वभाव में नय नहीं होते और स्वभाव की सिद्धि के लिये, 'नय' मात्र अंगुली निर्देश करते हैं। अनुमान तक ले जाते हैं, बस-

तू निश्चयनय से अकर्ता है या स्वभाव से ही अकर्ता है?

मैं तो स्वभाव से ही अकर्ता हूँ, प्रभु।

बस, तो नयों के विकल्प छूट जायेंगे और तुझे अनुभव हो जायेगा। अनुभव की यह विधि है।

ज्ञान की पर्याय निश्चयनय से आत्मा को जानती है या स्वभाव से जानती है?

स्वभाव से ही जानती है, प्रभु। अनादि-अनंत ज्ञान स्वभाव से ही आत्मा को जानता हुआ प्रगट होता है। स्वभाव से ही जानता हो, उसमें नय की अपेक्षा नहीं होती।

नय तो मात्र स्वभाव का उँगुली निर्देश करता है। पहले व्यवहारनय का पक्ष था उसे निश्चयनय द्वारा समझाते हैं, तो व्यवहार का पक्ष छूट जाता है और निश्चय के पक्ष में आता है। अब कोई तो स्वभाव तक पहुँचकर पक्षातिक्रांत होकर अनुभव कर लेता है और कोई निश्चयनय के पक्ष में अटक जाता है, अनुभव नहीं कर सकता। अब जो निश्चयनय के द्वारा स्वभाव का अनुमान करके, अनुभव में चला जाता है, पक्षातिक्रांत होता है, उसने निश्चयनय का पक्ष भी छोड़ा तब अनुभव हुआ। 'नय से ऐसा हूँ' ऐसा विकल्प छूट जाता है। अनुभव के लिये नय साधन ही नहीं है। नय मात्र अनुमान तक ले जाता है, वह अनुभव नहीं करा सकता।

ज्ञान की पर्याय निश्चयनय से आत्मा को जानती है ऐसा विचारने पर व्यवहारनय से वह पर को जानता है, ऐसा आ गया। अरे! निश्चयनय से ज्ञान आत्मा को नहीं जानता, स्वभाव से ही जानता है। तो कोई नय ही नहीं रहा, स्वभाव हाथ में आ गया। यह बात कोई अपूर्व है। **नयातीत होने के लिये यह बात है। स्वभाव से ही स्वभाव जानने में आता है** - नय से स्वभाव की प्रसिद्धि ही नहीं हुई। नय साधन ही नहीं है। यदि नय साधन हो तो तो पक्षातिक्रांत होने के काल में नय रहनी चाहिये परंतु तब तो कोई नय रहता नहीं। इसलिये नय स्वभाव की सिद्धि के लिये साधन ही नहीं है।

जैसे कि सूर्य प्रकाश का पुंज है। किस नय से? अरे! स्वभाव से ही सूर्य प्रकाश का पुंज है। और प्रकाश सूर्य को प्रसिद्ध करता है, किस नय से? अरे! स्वभाव से ही प्रकाश सूर्य को प्रसिद्ध करता है। अब जो स्वभाव से ही है, वहाँ नय लागू नहीं पड़ते। नय तो मात्र शिष्य को समझाने के लिये हैं। नयों के प्रयोग में ज्यादा जाने जैसा नहीं है-

यदि ज्ञान नयों के प्रयोग में अटकेगा तो दूसरा प्रतिपक्षी नय ज्ञान में खड़ा होगा। आत्मा '**निश्चयनय से**' अकर्ता है, उसमें विकल्प खड़ा

हुआ। ज्ञान की पर्याय '**निश्चयनय से**' आत्मा को जानती है उसमें भी विकल्प खड़ा हुआ। निश्चयनय से आत्मा अकर्ता नहीं है... निश्चयनय से ज्ञान आत्मा को नहीं जानता... अरे! यह क्या बात करते हो? हाँ, सुन।

- **निश्चयनय से आत्मा अकारक-अवेदक नहीं है। स्वभाव से ही अकारक-अवेदक है।**

- **निश्चयनय से ज्ञान ज्ञायक को नहीं जानता। स्वभाव से ज्ञान ज्ञायक को ही जानता है।**

इसप्रकार स्वभाव के सन्मुख होने पर नयों के विकल्प अस्त हो जाते हैं, शांत हो जाते हैं। और अभेदरूप से आत्मा का अनुभव होता है। यह तो स्वभाव का जिसे भान नहीं था और जो व्यवहारनय के पक्ष में पड़ा था उसे निश्चयनय द्वारा समझाते हैं। तो वह 'निश्चयनय' को ही चिपक गया। इसलिये उसे अब कहते हैं - ज्ञान निश्चयनय से आत्मा को नहीं जानता। अरे! यह क्या कहते हो? क्या निश्चयनय से नहीं जानता, तो क्या व्यवहारनय से जानता है? अरे! तू सुन, मैं तीसरी बात करता हूँ।

**ज्ञान, स्वभाव से ही आत्मा को जानता है। उसे नय लागु नहीं पड़ते। एक द्रव्य स्वभाव और एक पर्याय स्वभाव। दोनों के स्वभाव को लक्ष में ले तो एक अनुभव होता है। नयातीत होने की यह विधि है।**

जाननहार जानने में आता है। जानने में आता है अर्थात् जानने में आया ही करता है। आबालगोपाल सभी को भगवान आत्मा जानने में आया ही करता है। कौन सी नय से जानने में आया करता है? अरे! वह तो 'स्वभाव' से ही जानने में आया करता है, जा।

ऐसा आता है कि - जब स्वभाव के सन्मुख होकर अनुभव करता है तब नयों की लक्ष्मी उदित नहीं होती, प्रमाण अस्त हो जाता है। नयों की लक्ष्मी अर्थात् स्वभाव को जाननेवाली सविकल्पात्मक ज्ञान की पर्याय उदित नहीं होती। नय अस्त होते हैं तब स्वाभाविक ज्ञान उदय होता है। जब आत्मा को स्वभाव से देखता है तब नयों के विकल्प छूट जाते हैं।

(समयसार) कलश - ९ में आता है कि -

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**
**क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम् ।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वङ्कषेऽस्मि-**
**न्ननुभवमुपयाते भाति न द्वैतमेव ।।९।।**

**श्लोकार्थ:-** आचार्य शुद्धनय का अनुभव करके कहते हैं कि [अस्मिन् सर्वङ्कषे धाम्नि अनुभवम् उपयाते] इन समस्त भेदों को गौण करनेवाला जो शुद्धनय के विषयभूत चैतन्य-चमत्कारमात्र तेजःपुंज आत्मा है, उसका अनुभव होने पर [नयश्रीः न उदयति] नयों की लक्ष्मी उदित नहीं होती, [प्रमाणं अस्तम् एति] प्रमाण अस्त हो जाता है [अपि च] और [निक्षेपचक्रम् क्वचित्याति, न विद्मः] निक्षेपों का समूह कहाँ चला जाता है सो हम नहीं जानते। [किम् अपरम् अभिदध्मः] इससे अधिक क्या कहें? [द्वैतम् एव न भाति] द्वैत ही प्रतिभासित नहीं होता।

जाननहार जानने में आता है। और जब मुझे जाननहार जानने में आता है ऐसा आता है तब, 'निश्चयनय' से जाननहार जानने में आता है ऐसा विचार भी नहीं आता। **स्वभाव से ही जाननहार जानने में आ रहा है तो स्वभाव ही लक्ष में आता है और जब स्वभाव लक्ष में आता है तब नय के विकल्प छूट जाते हैं** और स्वभाव स्वभावपने अभेद अनुभव में आता है।

'समय' की व्याख्या की है कि - जानना और (आत्मा को) जाननेरूप परिणमना... स्वभाव से ही है और अनादि-अनंत, कोई नय लागु नहीं पड़ती। **यदि नय लगायेगा तो स्वभाव से दूर हो जायेगा और यदि स्वभाव से देखेगा तो नय दूर हो जायेगी।** यह नय से दूर होने की बात चल रही है। नय से समझने की तुझे आदत पड़ गई है, इसीलिये विकल्प उत्पन्न हुये बिना नहीं रहते।

'मैं निश्चयनय से अकर्ता हूँ' तो 'व्यवहारनय से कर्ता हूँ' ऐसा आ ही जाता है, मालूम नहीं चलता। इसलिए मैं 'निश्चयनय से' अकर्ता नहीं हूँ, स्वभाव से ही अकर्ता हूँ। मैं व्यवहारनय से तो अकर्ता नहीं ही हूँ , लेकिन निश्चयनय से भी अकर्ता नहीं हूँ। **मैं तो स्वभाव से ही अकर्ता हूँ**।

'निश्चयनय से' ज्ञान आत्मा को जानता है?

'निश्चयनय से' ज्ञान आत्मा को जानता ही नहीं।

अरे! यह क्या कह रहे हो?

हाँ, स्वभाव से ही ज्ञान आत्मा को जानता हुआ परिणम रहा है।

हिम्मतनगर में फरमाया था, द्रव्य स्वभाव अनादि-अनंत ज्ञान में जानने में आया करता है और ज्ञान अनादि-अनंत आत्मा को जाना ही करता है। यह FUNCTION (क्रिया) अनादि-अनंत चालू ही है। इस वस्तुस्थिति का स्वीकार कर ले तो अनुभव होगा।

वास्तव में तो 'निश्चयनय' का जो पक्ष - विकल्प है वह स्वभाव के आधार से गलता है और स्वभाव का 'आश्रय' लेते ही वह पक्ष टल जाता है और नयातिक्रांत होता है। 'निश्चयनय' पक्षातिक्रांत कराकर, आनंद की प्राप्ति कराकर चला जाता है। खड़ा कहाँ रहता है? जहाँ स्वयं स्वभाव के सन्मुख होता है, वहाँ निश्चयनय का पक्ष भी उत्पन्न नहीं होता। नयपक्ष तो पराश्रित है। व्यवहारनय तो पराश्रित है ही मगर निश्चयनय भी पराश्रित ही है। विकल्प मात्र पराश्रित ही होता है, स्वाश्रित नहीं होता। (विकल्प मन के संगवाला होने से पराश्रित ही है)।

अतीन्द्रियज्ञान आत्मा को निश्चयनय से नहीं जानता परंतु स्वभाव से जानता है। उसमें नय का क्या काम आया? **ज्ञान स्वभाव से ही आत्मा को जानता है। ऐसा ख्याल में आया उसका नाम 'ज्ञान की पर्याय का निश्चय' - अनुभव में प्रगट होता है।**

'ज्ञायक नहीं त्यों अन्य का, ज्ञायक अहो ज्ञायक है' बस पर को जानने का पक्ष था वह छूट गया। ज्ञायक पर को नहीं जानता इतना कहा - ज्ञायक ज्ञायक को जानता है ऐसा निश्चयनय है - ऐसा नहीं लिया। निश्चयनय से ज्ञायक ज्ञायक को जानता है ऐसा नहीं परंतु ज्ञायक तो ज्ञायक है, बस। ज्ञान की पर्याय स्वभाव से ही आत्मा को जाना करती है। उसमें नय की कोई जरूरत ही नहीं है। आबालगोपाल सभी को आत्मा सदाकाल अनुभव में आ रहा है। **'सदाकाल' अर्थात् स्वभाव से ही ज्ञान आत्मा को जान रहा है।** परंतु व्यवहार से तो पर को जानता है न? अरे! पर का जानना स्वभाव में ही नहीं है। 'ज्ञायक नहीं त्यों अन्य का' - खत्म हो गई बात।

नयातीत में जैसे अनुभव आता है, वैसे ही नयातीत में ही श्रेणी आती है। नय से जहाँ सम्यग्दर्शन नहीं होता वहाँ नय से चारित्र तो कैसे आये? इसलिये ज्ञानी भी स्थिर हो जाते हैं। किसी को ही समझाने का या लिखने का विकल्प उठता है। समर्थ आचार्यों को भी समझाने के लिये नय का प्रयोग करना पड़ता है। जो उन्हें भी खटकता है। क्योंकि नय से स्वभाव प्रसिद्ध ही नहीं होता। परंतु ज्ञान से स्वभाव प्रसिद्ध होता है। वास्तव में दूसरों को समझाने के लिये नय का प्रयोग करना पड़ता है। इसलिये श्री पूज्यपाद स्वामी ने कहा कि दूसरों को समझाना पागलपन है। समझाना और सुनना दोनों पागलपन है।

**नय के प्रयोग में विकल्प ही उत्पन्न होता है। स्वभाव के समीप जाता है, तो विकल्प उठते ही नहीं।**

निश्चयनय मात्र तेरे स्वभाव की तरफ इशारा करता है कि ऐसा तेरा स्वरूप है। पश्चात् इस नय को तू छोड़ दे और स्वभाव में चला जा -

**दृष्टांतः-** दूज का चाँद उगता है वह किसी को दिखता है और किसी को नहीं दिखता। अब जो चाँद को देखनेवाला है वह दूसरों को चाँद दिखाने के लिये वृक्ष के माध्यम द्वारा प्रयत्न करता है। यह जो वृक्ष है न, इसकी यह जो वह अंतिम डाली दिखती है न.. ऊपर की अंतिम उसको तू देख और फिर उसकी लाइन में ही सीधा ऊपर देख तो तुझे चाँद दिखेगा। अब वह व्यक्ति तो डाली को ही चिपक गया (और) कहता है कि मुझे चाँद नहीं दिखता। अरे! तुझे मैंने डाली के द्वारा, डाली को छोड़कर, चाँद को देखने के लिये कहा था। तू तो डाली को ही चिपक गया तो चाँद कैसे दिखेगा? उसे चाँद नहीं ही दिखता। ऐसे नय के द्वारा स्वभाव का अनुमान मात्र कराते हैं, तो वह तो नय से ही चिपक गया कि - 'मैं निश्चयनय से अकर्ता हूँ - मैं निश्चयनय से ज्ञाता हूँ - निश्चयनय से ज्ञान आत्मा को जानता है'। नय तो डाली है। जो यहाँ-वहाँ देखता था उसे

दिशासूचन करने के लिये डाली के द्वारा चाँद को देखने के लिये कहा था।

व्यवहारनय के द्वारा तो अनुमान होता ही नहीं - उसकी तो दिशा ही विपरीत है। इसलिये प्रथम निश्चयनय द्वारा स्वभाव का अनुमान कराते हैं कि तू निश्चयनय से अकर्ता ही है। फिर निश्चयनय को छोड़ दे। **'मैं तो स्वभाव से ही अकर्ता हूँ' तो अकर्ता का विकल्प छूट जाता है और अनुभव होता है।**

निश्चयनय से ज्ञान आत्मा को जानता है। अर्थात् ज्ञान पर को नहीं जानता। इसप्रकार निश्चयनय व्यवहार का निषेध करता है। यह विधि-निषेध नय में है। परंतु **स्वभाव से ही ज्ञान आत्मा को जान रहा है। उसमें विधि-निषेध के विकल्प दोनों एक साथ जाते हैं।** अनंतानुबंधी के राग-द्वेष - विधि का राग और निषेध का द्वेष दोनों गलते-गलते टल जाते हैं और स्वभाव में आ जाता है।

**स्वभाव से स्वीकारे उसकी जाति ही अलग प्रकार की है। स्वभाव से स्वीकारे उसका नाम ही सम्यग्दर्शन और सम्यग्ज्ञान है।** स्वभाव को स्वीकारने पर तेरी विचार कोटि बदल जायेगी। नय से विचारता था वह अब स्वभाव से विचारने लग जायेगा -

* आत्मा शुद्ध है। किस नय से? आत्मा स्वभाव से ही शुद्ध है।

* आत्मा मुक्त है। किस नय से? आत्मा स्वभाव से ही मुक्त है।

* आत्मा परिपूर्ण है। किस नय से? आत्मा स्वभाव से ही परिपूर्ण है।

**स्वभाव की सिद्धि के लिये नय नहीं है। स्वभाव से ही स्वभाव की सिद्धि होती है। नय से स्वभाव की सिद्धि नहीं होती। नय से तो स्वभाव का मात्र अनुमान होता है, लेकिन अनुभव नहीं होता।**

द्रव्यलिंगी मुनि यहाँ भूला, यहाँ रुका। उसे यह सच लगा कि मैं तो निश्चयनय से शुद्ध हूँ - अकर्ता हूँ। जैसा स्वभाव है, ऐसे ही स्वभाव को मैं निश्चयनय के द्वारा जानता हूँ, मानता हूँ। यह द्रव्यलिंगी की सूक्ष्म भूल है। और अनुभवी भूल को तोड़ देता है। जबकि द्रव्यलिंगी भूल को तोड़ नहीं सकता। क्योंकि वह नय के सहारे स्वभाव का विचार करता है, नय की मदद लेता है। सापेक्ष स्वरूप लक्ष में लेता है परंतु **स्वरूप निरपेक्ष है**। स्वरूप को किसी के सहारे की जरूरत नहीं है। आत्मा बंध और मोक्ष के भाव से रहित है, - वह यह।

**नय से बंध-मोक्ष की सिद्धि होती है। जबकि स्वभाव से बंध-मोक्ष की सिद्धि ही नहीं होती। मैं तो स्वभाव से ही अनादि-अनंत मुक्त हूँ।**

आत्मा कर्ता है वह एक पक्ष है। आत्मा अकर्ता है वह दूसरा पक्ष है। चित्स्वरूप जीव के संबंधमें नयों के ये दो पक्षपात हैं। वास्तव में तो तत्त्ववेत्ता ऐसा जानता है कि चित्स्वरूप जीव तो चित्स्वरूप ही है। व्यवहारनय का निषेध तो पहले से करते आये हैं। यह तो निश्चयनय के

निषेध का काल आया है।

आत्मा निश्चयनय से शुद्ध है, अकर्ता है, अबद्ध है - ऐसा नहीं है। आत्मा तो **स्वभाव से ही शुद्ध है, अकर्ता है, अबद्ध है**। यदि निश्चयनय से अबद्ध लोगे, तो व्यवहारनय से बंधा हुआ सिद्ध हो जायेगा। अरे! मैं आत्मा स्वभाव से ही मुक्त हूँ। बंधा ही नहीं न।

व्यवहारनय के पहलू में तो चढ़ने जैसा ही नहीं है क्योंकि वह तो अन्यथा कथन करता है। जबकि निश्चयनय स्वरूप का अनुमान तो कराता है, परंतु उसकी मर्यादा समझ ले। उस निश्चयनय के पक्ष का भी निषेध कर। स्वभाव के सन्मुख जाकर निश्चयनय के विकल्प को तोड़ दे, निषेध कर। वास्तव में तो स्वभाव के समीप जाने पर निश्चयनय के विकल्प उदित ही नहीं होते, वह ही उसका निषेध है।

**जिसप्रकार निश्चयनय में आने पर व्यवहारनय के विकल्प छूट जाते हैं, वैसे ही स्वभाव में आने पर निश्चयनय के विकल्प छूटते हैं।** जिसे इस स्वभाव का पक्ष आता है वह अब निश्चयनय के पक्ष का - कथन का निषेध करता है। निश्चयनय से व्यवहारनय का निषेध और स्वभाव से निश्चयनय का निषेध! नय तो 'स्वभाव' में आते नहीं, बाहर रह जाते हैं। **स्वभाव में तो नय नहीं हैं परंतु स्वभाविक ज्ञान और दृष्टि में भी नय नहीं हैं। ज्ञायक में तो नय होते ही नहीं किंतु ज्ञान में भी नय नहीं होते।** क्योंकि अतीन्द्रियज्ञान अभेद से, स्वयं ज्ञायक ही है न! अतः उसमें नय नहीं हैं। आहाहा... दूसरी तरह से कहें तो अज्ञान में नय हैं। (अर्थात् कि जब तक नय के विकल्प हैं, तब तक अज्ञान है क्योंकि तब तक विकल्प के साथ कर्ताकर्म की प्रवृत्ति रहती है।)

ज्ञायक स्वभाव नयों से पार है। अरे! यह आप क्या कहते हो? नय तो ज्ञान में होते हैं और ज्ञान से ज्ञायक का अनुभव होता है। (यह अभ्यासी जिज्ञासु की दलील है।)

(उसके उत्तर में ज्ञानी बताते हैं) प्रभु! ज्ञान में नय ही नहीं होते। ज्ञायक में तो नय नहीं ही हैं परंतु ज्ञान में भी नय नहीं होते।

स्वभाव से बात आये उसमें अकेला स्वभाव ही दिखता है, अन्य कुछ नहीं दिखता। नय से स्वभाव का विचार करना और स्वभाव से स्वभाव का विचार करना, इस विचार कोटि में भी बड़ा फर्क है। स्वभाव स्वयं का विश्वास और ज्ञान का वजन झेल सकता है। परंतु नय वह वजन नहीं झेल सकता, क्योंकि नय सापेक्ष है।

द्रव्यलिंगी की यह ही भूल है। वह द्रव्य की निरपेक्षता में नहीं आ सकता वैसे ही पर्याय की निरपेक्षता में भी नहीं आ सकता। वह द्रव्य को भी सापेक्ष देखता है और पर्याय को भी सापेक्ष देखता है।

ज्ञान निश्चयनय से आत्मा को जानता है वह भी एक प्रकार की सापेक्षता ही है। **ज्ञान स्वभाव से ही आत्मा को जानता है। स्वभाव कहने पर निरपेक्षता ही आती है। संसार की थकान उतर जाये ऐसी बात है। यह रहस्य ख्याल में आने पर अल्पकाल में मुक्ति होती है।**

निश्चयनय से शुद्ध कहने पर, किसी नय से अशुद्ध है ऐसा आ जायेगा। निश्चयनय से नित्य कहने पर, किसी नय से अनित्य है ऐसा आ जायेगा। क्योंकि नय सापेक्ष होते हैं। और स्वभाव तो निरपेक्ष है।

**नय स्वभाव से ही सापेक्ष होता है और स्वभाव स्वभाव से ही अत्यंत निरपेक्ष होता है। व्यवहारनय निश्चयनय के द्वारा निषेध्य है और निश्चयनय स्वभाव के द्वारा निषेध्य है।**

'नय' है वह निर्णय करने के लिये है। अपूर्व निर्णय आता है - परोक्ष अनुभूति होती है परंतु उसमें आनंद नहीं है। ज्ञान है वह अनुभव के लिये है। प्रत्यक्ष अनुभूति होती है - उसमें आनंद आता है।

व्यवहारदृष्टि सो मिथ्यादृष्टि और निश्चयदृष्टि सो सम्यग्दृष्टि ऐसा आता है। (परंतु) 'निरपेक्ष दृष्टि सो सम्यग्दृष्टि' बस! निरपेक्षता में दो नयपक्ष खड़े ही नहीं होते। यहाँ नयातीत होने की बात है।

**निश्चयनय से एक ही धर्म ख्याल में आता है और स्वभाव के समीप जाकर देखता है तो पूरा स्वभाव ख्याल में आता है। परिपूर्ण स्वभाव की प्राप्ति स्वभावदृष्टि में होती है।** नय दृष्टि से मात्र एक ही धर्म की सिद्धि होती है, इसलिये दूसरे धर्मों को जानने की आकुलता उत्पन्न होती है। नय में विकल्प की उत्पत्ति होती है उसका कारण ही यह है कि नय का धर्म एक एक धर्म को जानने का है। जब स्वभाव के समीप जाकर देखता है तो पूरा स्वभाव जानने में आता है। और कुछ भी जानना बाकी नहीं रहता होने से नयपक्ष के विकल्प उत्पन्न ही नहीं होते। विषय का प्रतिबंध छूट जाता है और अनुभव हो जाता है। तब ध्येयपूर्वक पूरा सामान्य-विशेषात्मक आत्मा ज्ञान का ज्ञेय होता है। इसलिये स्वभाव की दृष्टि होने पर ही पक्षातिक्रांत हुआ जाता है। परंतु निश्चयनय से पक्षातिक्रांत नहीं हुआ जाता।

जो आत्मा स्वभाव से ही शुद्ध है उसे किसी नय के द्वारा शुद्ध कहना वह सही नहीं है। आत्मा निश्चयनय से शुद्ध है, वह कथन सत्य है परंतु उसमें अनुभव नहीं है। परंतु उस कथन द्वारा स्वभाव का मात्र अनुमान ही हो सकता है।

आत्मा निश्चयनय से शुद्ध है ऐसा नहीं, परंतु स्वभाव से ही शुद्ध है। सीधे स्वभाव को ही देखो तो जो नय के माध्यम द्वारा विकल्प आते थे, वे विकल्प छूट जायेंगे। स्वभाव से विचारने पर बीच में जो नय आती थी वह निकल जायेगी, **अकेला ज्ञान रह जायेगा और अनुभव हो जायेगा**। स्वभाव से स्वभाव का विचार करो (और) नय के माध्यम को - विकल्प को रहने दो।

**'मैं स्वभाव से ही शुद्ध हूँ' - उसमें व्यवहारनय से अशुद्ध हूँ, वह दोष छूट जाता है और निश्चयनय से शुद्ध हूँ वह विकल्प छूट जाता है।**

नय है वह विकल्प है। जैसे राग से अनुभव नहीं होता ऐसे नय से भी अनुभव नहीं होता। नय का विकल्प है तब तक अनुभव नहीं होता। क्योंकि परोक्षरूप से राग के साथ कर्ताकर्म की प्रवृत्ति चालू ही रहती है।

# 'पर्याय स्वभाव'

**सिद्धांत:-** वस्तु कभी भी अपना स्वभाव छोड़ती नहीं।

वस्तु के दो विभाग।

१. **द्रव्य स्वभाव:-** निष्क्रिय स्वरूप अपने अनादि-अनंत अकर्ता स्वभाव को छोड़ता नहीं और कभी भी कर्ता होता नहीं।

२. **पर्याय स्वभाव:-** पर्याय भी एक वस्तु है। सत् अहेतुक है। पर्याय स्वभाव से ही क्रियावंत है। अनादि-अनंत वह अपने क्रिया के कारक को छोड़ती नहीं। पर्याय में क्रिया - (सामान्य उत्पाद-व्ययरूप क्रिया, पराश्रित या स्वाश्रित ऐसा भेद अभी नहीं करना) - प्रति समय हुआ ही करती है, वह उसका स्वभाव ही है।

होती हुई क्रिया को मैं करूँ वह अज्ञान। होती हुई क्रिया को मैं रोकूँ वह भी अज्ञान। पर्याय में कर्ता-भोक्ता धर्म स्वभाव से ही है। पर्याय करती है और भोगती है वह उसका स्वभाव ही है। किस नय से पर्याय को करता है और भोगता है ऐसा नहीं। बस स्वभाव से ही उसमें कर्ता-भोक्तापना है।

* अज्ञान दशा में राग को करती है और दुःख को भोगती है।

* साधक दशा में, वीतरागता और राग को करती है, आनंद और दुःख को भोगती है।

* साध्य दशा में पूर्ण वीतरागता को करती है और पूर्ण आनंद को

भोगती है।

इसप्रकार पर्याय अपने कर्ता-भोक्ता धर्म को कभी भी छोड़ती नहीं।

पर्याय के ऐसे स्वभाव को जानने का निषेध नहीं है, परंतु उसमें मैंपने का निषेध है।

मैं तो ज्ञायक हूँ। स्वभाव से ही अकारक और अवेदक हूँ। अहंपना यहाँ आया तो, द्रव्य स्वभाव को जानते-जानते, पर्याय के कर्ता-भोक्ता धर्म जैसे हैं वैसे जानने में आ जाते हैं।

आत्मा व्यवहार से कर्ता-भोक्ता नहीं है। वह तो पर्याय स्वभाव ही है। कर्ता-भोक्ता धर्म पर्याय में स्वभाव से ही हैं। धर्मी तो मात्र पर्याय के धर्मों को जानता है। व्यवहारनय से भी मैं कर्ता-भोक्ता नहीं हूँ। वह तो पर्याय में स्वभाव से ही कर्ता-भोक्ता धर्म है।

आत्मा व्यवहारनय से कर्ता-भोक्ता है - ऐसा मत ले और पर्याय की कर्ता पर्याय निश्चयनय से है - ऐसा भी मत ले! **पर्याय स्वभाव से ही क्रियावंत है ऐसा जान! कोई भी नयपक्ष खड़ा नहीं होगा।**

पर्याय जानने में आए वह भी स्वाभाविक है। ऐसी ही कोई स्वाभाविक स्वच्छता है। उसके जानपने का (जानने में आने का) निषेध नहीं है। प्रथम निषेध कराया क्योंकि पर्याय में ही आत्मबुद्धि थी। अब तो आत्मा को जानते जानते पर्याय अपने धर्मों सहित जैसी है ऐसी ज्ञात होती है।

**प्रश्न:-** आत्मा राग को कौन से नय से करता है?

**उत्तर:-** अरे! ऐसा नहीं है। वह तो उस समय की पर्याय की अपनी योग्यता (स्वभाव) है। उस पर्याय का विभाव स्वभाव है तो राग हुआ। पर्याय स्वभाव से हुआ है।

अरे! वहाँ तो नय के विकल्प से ज्ञान छूट गया! अकेला 'ज्ञाता' हो गया। नय के विकल्प से छूटकर अकेला ज्ञान रह गया -

स्वभाव को जानने में नय की जरूरत नहीं है, परंतु नयातीत ज्ञान की जरूरत है।

**"दोनों स्वभाव को जानते जानते मोक्ष होता है"**

१. निश्चयनय से निरपेक्ष द्रव्य का स्वभाव।

२. व्यवहारनय से निरपेक्ष पर्याय का स्वभाव।

दोनों नयों के विकल्पों को उलंघ गया तो साक्षात् ज्ञाता हो गया!

पर्याय पर्याय से होती है ऐसा मैं जानता हूँ लेकिन पर्याय मेरे से होती है ऐसा मैं नहीं जानता क्योंकि पर्याय स्वभाव से ही परिणम रही है। क्योंकि पर्याय सत् है। पर्याय को व्यवहार से जानूँ लेकिन पर्याय को व्यवहार से करूँ नहीं।

*** स्वभाव से समझने पर विकल्प छूट जाते हैं।**

*** नय से समझने पर विकल्प रह जाते हैं।**

ज्ञान को स्वभाव की तरफ ले जाओ तो विकल्प नहीं उठेंगे। स्वभाव में अपेक्षा लगाओगे तो विकल्प उठेंगे, स्वभाव हाथ में नहीं आयेगा।

पर्याय स्वभाव से ही क्रियावंत है तो आत्मा उपचार से पर्याय को करता है, वह कहाँ आया? तो दृष्टि सीधी अकर्ता स्वभाव के ऊपर गई तो कर्ताधर्म का भी ज्ञाता हो गया।

*** क्रिया न करनी वह द्रव्य का स्वभाव।**

*** क्रिया करनी वह पर्याय का स्वभाव।**

*** दोनों को जानना वह ज्ञान का (ज्ञाता का) स्वभाव।**

**पर्याय को स्वभाव से देखो तो व्यवहारनय से आत्मा कर्ता है यह उपचार निकल जायेगा। उपचार को उलंघे तो अनुभव होता है।**

१. 'आत्मा स्वभाव से ही अकर्ता है' - यहाँ निश्चयनय से आत्मा अकर्ता है उसका निषेध हुआ।

२. 'पर्याय स्वभाव से ही कर्ता है' - यहाँ व्यवहारनय से आत्मा कर्ता है उसका निषेध हुआ।

- दोनों नय उलंघ गया। साक्षात् ज्ञाता हो गया - बस स्वभाव में आ गया। द्रव्य स्वभाव में बैठे बैठे पर्याय स्वभाव को जान लेता है।

द्रव्य स्वभाव को निश्चयनय से नक्की करने गया तो स्वभाव दूर रह गया। द्रव्य स्वभाव को स्वभाव से ही जहाँ नक्की किया तो निश्चयनय दूर

हो गया।

आत्मा को व्यवहार से कर्ता कहा तो पर्याय स्वभाव ख्याल में नहीं आया और पर्याय स्वभाव ख्याल में आया तो उपचार उलंघ गया।

आहाहा... कर्तापने का उपचार जहाँ गया वहाँ 'साक्षात् ज्ञाता' हुआ।

यह आत्मा स्वभाव से ही अकारक-अवेदक है। उसे समझाने के लिये नय से समझाते हैं लेकिन नय से समझने पर विकल्प की उत्पत्ति होती है। आत्मा तक उपयोग पहुँच नहीं सकता, ज्ञान विस्तृत होकर आत्मा से अभेद होकर अनुभव होना चाहिये, परंतु नय के विकल्प अनुभव में बाधक होते हैं। जीव पक्षातिक्रांत नहीं हो सकता, व्यवहारनय तो अन्यथा कथन करता है, लेकिन निश्चयनय तो सच्चा कथन करता है। जैसा आत्मा है ऐसा कथन करता है। इसलिए उस नय के द्वारा निर्णय होता है लेकिन स्वभाव से दूर रहकर स्वभाव बताता है। वह नय स्वभाव से तन्मय नहीं होता। नय विकल्पात्मक है। मात्र अँगुली निर्देश करता है परंतु वहाँ तक पहुँचने पर भी अनुभव नहीं होता।

**प्रश्नः-** तो फिर ये नय के विकल्प कैसे छूटें?

**उत्तरः-** नय का अवलंबन लेकर जो निर्णय हुआ था उस नय को छोड़कर तुम स्वभाव की तरफ चले जाओ।

**आत्मा निश्चयनय से अकर्ता नहीं है, स्वभाव से ही अकर्ता है।**

**आत्मा निश्चयनय से शुद्ध नहीं है, स्वभाव से ही शुद्ध है।** अनादि-अनंत स्वभाव से ही मुक्त है, परिपूर्ण है।

**इसप्रकार स्वभाव के आश्रय से नय के विकल्प छूटकर सीधा अनुभव हो सकता है। नयातिक्रांत होने की यह विधि है।**

जैसे कि अग्नि उष्ण है। किस नय से? अरे! स्वभाव से ही अग्नि उष्ण है। उसे कहने के लिये किसी नय की अपेक्षा नहीं है, इसप्रकार तुम नयों के विकल्पों को उलंघकर एकदम स्वभाव के सन्मुख हो जाओ तो विकल्प छूटकर अनुभव हो जाये।

कल द्रव्य स्वभाव को प्रसिद्ध करनेवाले निश्चयनय के विकल्पों को द्रव्य स्वभाव की मुख्यता से उलंघ जाने की बात की थी...

आज दूसरा पहलू व्यवहारनय का है।

पर्यायें स्वभाव से ही क्रियावंत हैं। क्रिया के कारक स्वभाव से ही पर्याय में हैं। वहाँ अब तुम कहो कि आत्मा व्यवहारनय से पर्याय को करता है तो यह बात ठीक नहीं है। पर्याय स्वभाव से ही अपने कारक से परिणमती है। उसे व्यवहार से आत्मा कर्ता है ऐसा जो उपचार आता था उसे उलंघकर पर्याय को पर्याय के स्वभाव से देखो।

पर्याय को नय से मत देखो। अरे! पर्याय की कर्ता पर्याय निश्चयनय से है ऐसा भी मत देखो। क्यों? इसमें क्या दोष आता है? - अरे! उसका प्रतिपक्ष खड़ा होता है। आत्मा व्यवहारनय से पर्याय को करता है वह बड़ा दोष आ पड़ता है। यह खूब भयंकर दोष है!

पर्याय में क्रिया हुआ ही करती है, पर्याय का स्वभाव ही कर्तापना है। जैसे द्रव्य का स्वभाव अकर्तापना है। वह किस नय से अकर्तापना है? ऐसा नहीं। स्वभाव से ही अकर्ता है। ऐसे ही पर्याय किस नय से कर्ता है?

ऐसा नहीं। स्वभाव से ही कर्ता है।

स्वभाव से ही पर्याय में क्रिया हुआ करती है। अविरतरूप से हुआ करती है। उसे रोका नहीं जा सकता, विकारी या अविकारी ऐसा नहीं लेना, सामान्य क्रिया, उत्पाद-व्यय। पर्याय अपने स्वभाव से ही परिणमती है। इसप्रकार **पर्याय को पर्याय के स्वभाव से देखने पर, आत्मा व्यवहार से पर्याय को करता है, वह कर्तापने का उपचार निकल जाता है।**

जैसे कि ज्ञान की पर्याय प्रति समय प्रगट होती है। तो आत्मा किस नय से ज्ञान की पर्याय को करता है? तो कहते हैं कि व्यवहारनय से आत्मा ज्ञान की पर्याय का कर्ता है, निश्चयनय से तो आत्मा ज्ञान की पर्याय का भी अकर्ता ही है।

अब यह जो व्यवहारनय से कर्तापने का उपचार आता है उसे उलंघ जाओ कि पर्याय में तो कार्य **पर्याय के स्वभाव से** ही होता है - तो अरे! व्यवहारनय से आत्मा कर्ता है वह उपचार झूठा हुआ तो जो नयों के विकल्प उठते थे वे छूटकर अंदर में चला गया। तब पर्याय के स्वभाव का भी ज्ञाता हो जाता है। द्रव्य स्वभाव का ज्ञाता और पर्याय स्वभाव का भी ज्ञाता - बीच में जो नयों के विकल्प उठते थे - निश्चयनय के-व्यवहारनय के, वे छूटकर **अकेला ज्ञान रहा - उस अकेले ज्ञान में आनंद आता है।**

**परिणाम का कर्ता परिणाम है वह स्वभाव से ही है।**

निश्चयनय से पर्याय पर्याय को करती है ऐसे भी नहीं लेना। यदि निश्चयनय से पर्याय की कर्ता पर्याय है ऐसा लोगे तो व्यवहारनय से आत्मा पर्याय का कर्ता है ऐसा उपचार का दोष आ जाएगा।

इसलिए पर्याय की कर्ता पर्याय स्वभाव से ही है। निश्चयनय से पर्याय पर्याय को करती है ऐसा भी नहीं लेना। **किसी नय से स्वरूप की प्राप्ति नहीं है... ज्ञान से स्वरूप की प्राप्ति है। स्वभाव से स्वभाव की प्राप्ति है।**

पर्याय को उसके स्वभाव से देखने पर उसकी करने की बुद्धि छूट जाती है और करने का उपचार भी छूट जाता है।

कार्य स्वयं होता हो उसमें दूसरा करे ऐसे उपचार का अवकाश ही कहाँ है? बस स्वयं से होता है। आत्मा ज्ञाता हो जाता है।

नय के विकल्पों में वह विकल्प का कर्ता बन जाता है, राग का कर्ता बन जाता है। उसे पता ही नहीं चलता। यदि विकल्प छूटे तो ज्ञान प्रगट होवे, तो ज्ञान का कर्ता बने। ज्ञाता हो जाता है - यह रहस्य है।

## श्री समयसार श्लोक ९५

**श्लोकार्थ:-** [विकल्पकः परं कर्ता] विकल्प करनेवाला ही केवल कर्ता है और [विकल्पः केवलम् कर्म] विकल्प ही केवल कर्म है; (अन्य कोई कर्ता-कर्म नहीं है;) [सविकल्पस्य] जो जीव विकल्प सहित है उसका [कर्तृकर्मत्वं] कर्ताकर्मपना [जातु] कभी [नश्यति न] नष्ट नहीं होता।

**भावार्थ:-** जब तक विकल्पभाव है तब तक कर्ताकर्मभाव है; जब विकल्प का अभाव होता है तब कर्ताकर्मभाव का भी अभाव हो जाता है। **९५।**

नय से वस्तु की सिद्धि करता है तो विकल्पों का कर्ता बनता है। नयों से भिन्न **स्वभाव से** वस्तु को सिद्ध करो तो नय के विकल्प रहित ज्ञान प्रगट होता है, जो द्रव्य स्वभाव को तो जानता है परंतु पर्याय स्वभाव भी जैसा है वैसा उसमें जानने में आ जाता है। ज्ञान विकल्प से रहित '**मध्यस्थ**' हुआ। विकल्प में पक्षपात था अर्थात् कि राग-द्वेष था, क्रम-क्रम से जानता था। **नयों से भिन्न पड़ा हुआ ज्ञान द्रव्य-पर्याय के स्वभाव को अक्रम जानता है। दोनों नयों का ज्ञाता है, किसी नयपक्ष को ग्रहण नहीं करता।**

द्रव्य से पर्याय नहीं होती, पर्याय के स्वभाव से पर्याय होती है। उत्पाद-व्यय प्रति समय हुआ ही करता है। यह दो स्वभावों की बात अंतिम है। जिसका मर्म प्राप्त होने पर पक्षातिक्रांत होकर अनुभव होता है; साक्षात् ज्ञाता होता है।

## समयसार गाथा १४३

पक्षातिक्रांत का (पक्ष को जो उलंघ गया हो उसका) स्वरूप क्या है? इस प्रश्न के उत्तरस्वरूप गाथा अब कहते हैं:-

**नयद्वयकथन जाने ही केवल समयमें प्रतिबद्ध जो।**
**नयपक्ष कुछ भी नहीं ग्रहे, नयपक्षसे परिहीन सो।।१४३।।**

**गाथार्थ:-** [नयपक्षपरिहीन:] नयपक्ष से रहित जीव, [समयप्रतिबद्ध:] समय से प्रतिबद्ध होता हुआ (अर्थात् चित्स्वरूप आत्मा का अनुभव करता हुआ), [द्वयो: अपि] दोनों ही [नययो:] नयों के [भणितं] कथन को [केवलं तु] मात्र [जानाति] जानता ही है [तु] परंतु [नयपक्षं] नयपक्ष को [किञ्चित् अपि] किंचित् मात्र भी [न गृह्यति] ग्रहण नहीं करता।

ॐ

## શ્રી પંચાધ્યાયી ભાગ - ૧ ગાથા ૫૦૬

(પંડિત દેવકીનંદનજીની)

**અન્વયાર્થ:-** [ज्ञान विकल्पः] જ્ઞાનના વિકલ્પનું નામ [नयः] નય છે, તથા [सः विकल्प अपि] એ વિકલ્પ પણ [अपरमार्थः अस्ति] પરમાર્થભૂત નથી, [यतः] કારણ કે એ જ્ઞાનવિકલ્પરૂપ નય [शुद्धं ज्ञानं गुण इति] શુધ્ધજ્ઞાનગુણ [च] તથા [ज्ञेयं] જ્ઞેય પણ [न] નથી, [किंतु] પરંતુ [तद्योगात] જ્ઞેયના સંબંધથી થવાવાળા જ્ઞાનના વિકલ્પનું નામ નય છે.

## श्री पंचाध्यायी भाग - १ गाथा ५०६

(पंडित देवकीनंदनजी)

**अन्वयार्थः-** [ज्ञान विकल्पः] ज्ञान के विकल्प का नाम [नयः] नय है, तथा [सः विकल्प अपि] वह विकल्प भी [अपरमार्थः अस्ति] परमार्थभूत नहीं है। [यतः] क्योंकि वह ज्ञानविकल्परूप नय [शुद्धं ज्ञानं गुण इति] शुद्ध ज्ञानगुण [च] और [ज्ञेयं] ज्ञेय भी [न] नहीं है, [किंतु] किंतु [तद्योगात] ज्ञेय के संबंध से होनेवाले ज्ञान के विकल्प का नाम नय है।

ॐ